। તત્સત્પરમાત્મને નમઃ ।

શ્રીશંકર ગ્રંથમાળા પુસ્તક છઠ્ઠું

ઈશ્વરના લાડીલા

[પ્રહ્લાદ, ગજેન્દ્ર ને અજામિલ]

ભાગ [illegible]

-: કર્તાશ્રી :-

પરમ પૂજ્યપાદ પરબ્રહ્મનિષ્ઠ સદ્ગુરુ

શ્રી શંકર મહારાજ ઉનાવાવાળા

હાલ નિવાસ-હરિયાપુર મોટી સાલેપરી-**અમદાવાદ**

"Like the blueness in the sky, like the mirage in the desert and like the illusive appearance of a person in a post, so is the universe in Brahman.'

—*Shanker.*

પૂ. મહારાજશ્રીની આજ્ઞાથી છપાવી પ્રસિદ્ધ કરનાર:-

પા. રામભાઈ બેચરદાસ બલોલ (તા. મહેસાણા)

પા. નાથાભાઈ ચતુરદાસ ભુવાલડી (તા. ઉત્તરદશક્રોઈ)

(સર્વ હક્ક કર્તાશ્રીએ સ્વાધીન રાખ્યા છે)

મૂલ્ય ૦-૪-૦

गुजरात विद्यापीठ ग्रंथालय
[... ... विभाग]
अनुक्रमांक २२९३९ किंमत ०.४०

। તત્સત્પરમાત્મને નમઃ ।

શ્રીશંકર ગ્રંથમાળા પુસ્તક છઠ્ઠું

ઈશ્વરના લાડીલા

[પ્રહ્‌લાદ, ગજેન્દ્ર ને અજામિલ]

ભાગ બીજો

-: કર્તાશ્રી :-

પરમ પૂજ્યપાદ પરબ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરૂ

શ્રી શંકર મહારાજ ઉનાવાવાળા

હાલ નિવાસ-દરિયાપુર મોટી સાલેપરી-**અમદાવાદ**

" Like the blueness in the sky, like the mirage in the desert and like the illusive appearance of a person in a post, so is the universe in Brahman."

—*Shanker.*

પૂ. મહારાજશ્રીની આજ્ઞાથી છપાવી પ્રસિદ્ધ કરનારઃ-

પા. રામભાઈ બેચરદાસ બલોલ (તા. મહેસાણા)

પા. નાથાભાઈ ચતુરદાસ ભુવાલડી (તા. ઉત્તરદશક્રોઇ)

(સર્વ હક્ક કર્તાશ્રીએ સ્વાધીન રાખ્યા છે)

મૂલ્ય ૦-૪-૦

આવૃત્તિ ૧ લી　　　　　　　　　　પ્રત ૧૦૦૦

સને ૧૯૪૦　　　　　　　　　　　સં. ૧૯૯૬

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કોપીરાઈટ-સંગ્રહ
૨૨૧૩૭

અમદાવાદ—ધી "ડાયમંડ જ્યુબિલી" પ્રિન્ટીંગ પ્રેસમાં
પરીખ સુરેશચંદ્ર પોપટલાલે છાપ્યું.

ॐ

गुरुर्ब्रह्मा गुरुर्विष्णु गुरुर्देवो महेश्वरः ।
गुरुर्साक्षात्परब्रह्म तस्मै श्रीगुरवेनमः ॥



પરમ પૂજ્યપાદ પરબ્રહ્મનિષ્ટ સદ્‌ગુરૂ
શ્રી શંકર મહારાજ
ઊનાવા (તા. સિદ્ધપુર).

-: સમર્પણ :-

સંસારમાં અનેક જીવોના ઉદ્ધાર કરવાની
મહત્ત્વાકાંક્ષા ધરાવનાર સંત પુરૂષોના
પુનિત ચર્ણારવિંદમાં આ
પુસ્તિકા સમર્પણ કરવામાં
આવે છે.

લી. પ્રકાશકો

ભૂમિકા

વ્હાલા વાંચકો! અમને જણાવતાં આનંદ થાય છે કે **ઈશ્વરના લાડીલા** ભા. ૨ જો આજે ભારત વર્ષની પુનિત જનતાના ચરણમાં મૂકવાને અમો ભાગ્યશાળી બન્યા છીએ. આ પુસ્તિકામાં ભક્તપ્રવર પ્રહ્લાદ, ગજેન્દ્ર ને અજામિલ એમ ત્રણ આખ્યાનો છે. જનતાને વધારે સરળ અને પ્રિય થઈ પડે એ હેતુથી પૂ. મહારાજશ્રીએ ભાષા તદ્દન સાદી વાપરી પ્રસંગોપાત સ્વતંત્ર રીતે પણ ગાઇ શકાય એવાં પદો રચી મૂક્યાં છે.

આખ્યાન એ એક એવી અદ્ભુત વસ્તુ છે કે જેના વાંચનથી અગાઉ થઇ ગયેલા પરમાત્મભક્તોના જીવનાદર્શ આપણા હૃદયમાં કાંઈ નવુંજ ચૈતન્ય રેડે છે તેમજ ધૈર્યાદિ અનેક શુભ ગુણો ક્ષણે ક્ષણે આપણા જીવનમાં સહાયભૂત થઇ આપણા પામર હૃદયને નીચે પડતું બચાવી લે છે. સંસારનાં બંધનોમાંથી મૂક્ત થવા ઇચ્છિનાર આત્માઓએ આવાં પુસ્તકોનું અવશ્ય પઠન કરવું જોઇએ કારણકે માયાથી પર રહેલી વસ્તુ પ્રાપ્ત કરવામાં એવી તો વિટંબણાઓ ઉભી થાય છે કે જેનો સામનો કરવાને આપણ ભાગ્યેજ શક્તિ ધરાવીએ. પણ જો ઉત્તમ પુસ્તકો દ્વારા આપણે આપણા માનસને કેળવ્યું હોય તો સહજા વિજય પ્રાપ્ત કરી શકીએ.

આશા છે કે પૂ. મહારાજશ્રીની આજ્ઞાથી છપાયેલ આ પુસ્તિકાનો ઘર ઘર ઉપયોગ થશે અને અમને પણ આવાં સત્કાર્યમાં આગળ વધવાનું બળ મળશે. ઇતિ શિવમ્ લી૦

પ. પૂ. મહારાજશ્રીના નમ્ર સેવકો
રામભાઈ તથા **નાથાભાઇ**

✱ શ્રી પ્રહ્‌લાદાખ્યાન ✱

મંગલાચરણ

જય જય પ્રભો! પૂર્ણકામ! જય શ્રી કુંજ વિહારી!
દીન દયાળ! પ્રણત પાળ! જય શ્રી મુરલીધારી!...ટેક—
પરમ ગામ—પરમ ધામ,
પરમ શ્યામ—પરમ નામ, (૨)
પરમ જામ-પીધે આરામ, પરમહિતકારી...જય જય...૧
પરમ રામ—પરમ કામ,
પરમ હામ—પરમ દામ, (૨)
પરમ પ્રેમ તો મળે શ્યામ, પરમ પ્રીત ધારી...જય જય...૨
પરમ ભૂપ—પરમ રૂપ,
પરમ ચૂપ—પરમ ધૂપ, (૨)
ભજે—ડૂબે નહિ ભવ કૂપ, પરમ મોદકારી...જય જય...૩
પરમ પ્રેમ—પરમ નેમ,
પરમ રહેમ—પરમ ક્ષેમ, (૨)
શંકરને ન કાંઈ વ્હેમ, પરમ શોકહારી...જય જય...૪

× × × ×

અંતર મળ અળગો કરી, ત્યાગી માન-ગુમાન,
સાંભળજો સૌ પ્રેમથી, શ્રી પ્રહ્‌લાદાખ્યાન. ૧

× × × ×

જ્યારે ધરી વારાહરૂપ, હિરણ્યાક્ષને હરિએ હણ્યો,
ત્યારે હિરણ્યકશિપુ, કુબુદ્ધિ વશ થઈ છણુભણ્યો. ૧
મનમાં અતિ ગુસ્સો ધરી, ઉદ્વેગ એણે બહુ કર્યો,
સમજાવતાં પણ કોઈ રીત, આત્મા નહિ એનો ઠર્યો. ૨

નિજભ્રાતવધ કરનારને,
સંહારવા તપ આદર્યું,
જઈ મંદરાચળ પ્હાડ પર, અતિઘોર માનસ પાથર્યું. ૩
તપથી કરી અજને પ્રસન્ન, વરદાન ત્યાં માગી લીધું,
નિર્ભય બની બધી બાજુથી, દેવોને દારૂણ દુઃખ દીધું. ૪

× × × ×

સુરગણની વિનતી સુણી, બોલ્યા હરિ તે વાર,
"પીડશે જ્યારે-પુત્રને, ત્યારે મારીશ ઠાર. ૧
માટે સૌ નિર્ભય બની, રહો સદા નિશ્ચંત,
દુષ્ટ અસુરના દેહનો, નિશ્ચય આણીશ અંત. ૨

× × × ×

હિરણ્યકશિપુ રાયને, સુત ચાર સદ્‌ગુણી હતા,
સૌથી લઘુ પણ જ્ઞાનમાં, પ્રહ્‌લાદજી આગળ જતા. ૧
જનમ્યાજ ત્યાંથી તેમને, હરિભક્તિ વ્હાલી બહુ હતી,
બાળક છતાં ગમ્મત વિષે, વૃત્તિ કદિએ નહિ જતી. ૨
આ વિશ્વની જંજાળમાં,
દિલ એમનું ઠરતું નહિ,
શબ્દાદિ વિષયારણ્યમાં, મન એમનું ફરતું નહિ. ૩
ગત જન્મના પુણ્યે કરી, પ્રભુ પર પ્રીતિ સહજા હતી,
આનંદમય જીવન વિષે, જરીએ ઉપાધિ નહિ થતી. ૪

"જેણે જાણ્યા રામને, તેને જાણે રામ,
શંકર સાચા ભકતનાં, કદિ ન અટકે કામ." ૧

રાત દિવસ પ્રહ્‌લાદજી, રટતા શ્રી હરિનામ,
નામ મહિમા પ્રેમથી, ગાયે ઠામોઠામ. ૨

પદ ૧

પ્રભુનું પતિતપાવન નામ, ભવજળ તારનારૂં છે,
ભવજળ તારનારૂં છે, મુક્તિ આપનારૂં છે...પ્રભુનું...ટેક.
હરિ નામનો મહિમા મોટો,
ગાતાં વળે અઘનો ગોટો, (૨)
કાયા જળનો પરપોટો, તેને ઠારનારૂં છે...પ્રભુનું...૧
જો અજાણતાં પણ લઇએ,
ત્હોયે ન્યાલજ થઇ જઇએ, (૨)
પછી પ્રેમથી કેમ ન ગઇએ ? મનને મારનારૂં છે...પ્રભુનું...૨
હરિભક્તિ સૌથી મોટી,
બીજી બધી વાતો ખોટી, (૨)
પણ ચિત્તની પકડો ચોટી, તો તે ધારનારૂં છે...પ્રભુનું...૩
શંકર હરિનામ લઇને,
બેઠો છે નવરો થઈને, (૨)
માયાગઢ તોડી દઇને, ખોલ્યું બ્રહ્મબારૂં છે...પ્રભુનું...૪

× × × ×

સૌનાથી પ્રહ્લાદ પર, હિરણ્યને બહુ હેત,
"સુપુત્રને ચાહે ન તે, પિતા નહિ પણ પ્રેત." ૧
ભણવા લાયક વય થતાં, શંડ–અમર્કની પાસ;
તાતે પુત્રને મોકલ્યો, શિક્ષણ લેવા ખાસ. ૨

× × × ×

કીધી ભલામણ બેઉને, નીતિ વિષય શિખવાડવા,
તેમજ પ્રભુ પરની પ્રીતિ, તેની સમૂળ નસાડવા. ૧
સદ્‌ભાગ્ય માન્યું શિક્ષકે, શુભશિષ્ય મળીયો જાણીને,
શિક્ષણ શરૂ કર્યું આપવું, અંતર ઉમંગ બહુ આણીને. ૨
શિક્ષક કહે તે શીઘ્ર લઈ,
પ્રહ્લાદ મૂકે મન વિષે,

સંભળાવતો પણ શીઘ્ર તે, જાણે અગાઉ ભણ્યો હશે. ૩
શુભશિષ્યનું માનસ સરસ, જોઈ શ્રી ગુરૂજી રીઝતા,
પુણ્યાત્મ શ્રી પ્રહ્લાદ પર, આફ્રીન એઓ થઇ જતા. ૪

જોકે બહુ વિદ્યાર્થીઓ, શંડામર્કની પાસ,
પણ સૌથી પ્રહ્લાદ પર, પડે વિશેષ પ્રકાસ. ૧
આમ છતાં પ્રહ્લાદને, ગમે નહિ ગુરૂજ્ઞાન,
કારણ કે તે જ્ઞાનમાં, મિથ્યાગ્રહને સ્થાન. ૨

પદ ૨

હરિભક્તને હરિભક્તિ વિણ, કાંઈ ના ગમે,
પ્રભુભક્તને પ્રભુભક્તિ વિણ, કાંઈ ના ગમે,
કાંઇ ના ગમે, બીજું કાંઇ ના ગમે....હરિભક્તને...ટેક.
પોતાનું ને પારકું, મિથ્યાગ્રહ જ્યાં હોય,
ભેદમતિ સમશાનમાં, ભક્ત ટકે નહિ કોય.
જેનું ચિત્ત હરિચર્ણના વિષે સદા રમે...હરિભક્તને...૧
વર્ણાશ્રમ આદિ સહુ, બાહ્ય જગત્ વ્યવહાર,
અંતર્યામીની ભક્તિમાં, અંતર છે ન લગાર.
જુદા ભક્ત હોય તેજ જુદા ભેદમાં ભમે...હરિભક્તને...૨
ભક્ત અને ભગવાનનો, વાસ્તવમાં છે અભેદ,
ભેદ જુએ તે ભક્ત નહિ, એમ કહેછે વેદ.
હરિભક્ત હરિચર્ણ વિના ક્યાંય ના નમે...હરિભક્તને...૩
અભેદ ભક્તિ ભાવથી, છૂટે આ સંસાર,
શંકર મુક્તિ પામતાં, થાય ન વાર લગાર.
પછી રામ અને શ્યામ રોમરોમમાં રમે ?...હરિભક્તને...૪

× × × ×

યુક્તિ પ્રયુક્તિથી ગુરૂ, પ્રહ્લાદને સમજાવતા,
પણ ભક્તને માયાવીના, શબ્દો જરા નહિ ભાવતા. ૧

"જગની સભામાં હંસનું, મન જેમ હરખાતું નથી,
તેમજ અભક્તોમાં કદિ, ભક્તોનું મન ઠરતું નથી." ૨

પ્રહ્લાદને ગુરૂના ગૃહે, રહેવું જરાય ન રૂચતું,
પણ તાતની આજ્ઞાતણું, પાલન હૃદયમાં ખુંચતું. ૩
હિરણ્યકશિપુ એક દિન, લઈ ગોદમાં પ્રહ્લાદને,
પૂછે હૃદયના પ્રેમથી, તું શું ભણ્યો જઈ ગુરૂ કને? ૪

× × × ×

તાતની અંતરભાવના, જાણી કહે પ્રહ્લાદ,
પૂજ્ય પિતાજી! સાંભળો, ધરી અંતર આહ્લાદ. ૧
આપની આજ્ઞા શિર ધરી, ગયો ગુરૂને ઘેર,
પણ ત્યાં તો પીવા મળ્યું, અમૃત બદલે ઝેર. ૨

× × × ×

ઉંધા ને અવળા બોધથી, ઉલટું હૃદય વિહ્વળ થયું,
ઠરવાને બદલે ઠામુકું, એ હાડથી છટકી ગયું. ૧

કારણ—"જગત્ આ સ્વપ્નવત્, જોતાં જુઠી જંજાલ છે,
જ્યાં જ્યાં જુઓ ત્યાં ત્યાં બધે, સ્વાર્થી જીવોની ધમાલ છે. ૨
દુઃખી જીવોના કારણે,
ભણતર ખરૂં હરિનામનું,
હરિનામ જેમાં છે ન તે, ભણતર કહો શું કામનું? ૩
ઘરરૂપ કૂપ અંધારિયો, જેમાં અધોગતિ આત્મની,
તેને તજી વનમાં જઈ, ભક્તિ કરે પરમાત્મની." ૪

× × × ×

ઉત્તર સુણી પ્રહ્લાદનો, જાણી નિજ અરિદાસ,
કોપ્યો હિરણ્યકશિપુ, પણ મન મારી ખાસ. ૧
બોલાવી ગુરૂપુત્રને, ફરી કહ્યું દઈ ભાર,
પહેલા એને શિખવો, રાજ્યનીતિનો સાર. ૨

હરિભક્તિ મૂળથી કાઢીને, એનું હૃદય કૈં ઠારજો,
સંસ્કાર સારા પાડીને, એનું જીવન સુધારજો. ૧
"જેવી રીતે આ વિશ્વમાં, કુમળાં તરૂ વાળ્યાં વળે,
તેવી રીતે બાળક હૃદય, પણ સર્વ દિશામાં ઢળે." ૨
તેથી તમે કોઈ રીતે,
એને નીતિ શિખવાડજો,
વિપરીત ભાવરૂપી તરૂ, મૂળમાંથી તોડી પાડજો. ૩
મમ શત્રુ હરિના દૂતથી, એને જરૂર સંભાળજો,
યુક્તિપ્રયુક્તિ વાપરી, તેના વિતર્કો ટાળજો. ૪

× × × ×

'બહુ સારૂં' કહી ગુરૂ ગયા, સાથે લઈ પ્રહ્લાદ,
મામુલી કારજ ગણી, પામ્યા મન આહ્લાદ. ૧
"સ્વાર્થી ગુરૂઓ શિષ્યનું, કરે નહિ કલ્યાણ,
કારણ માયાપાશથી, બંધાયા છે પ્રાણ."

પદ ૩

સંસ્કારી આત્માની કદર, માયિક ગુરૂ ક્યાંથી કરે?
બ્રહ્મનિષ્ટ ગુરૂઓની કદર, માયિક જીવો ક્યાંથી કરે!
વળગેલ વિષની વેલીએ,
અમૃત કહો ક્યાંથી ભરે?
બેઠેલ પત્થર નાવમાં, સાગર કહો ક્યાંથી તરે?
મુડી વિનાના શેઠથી
કારજ કહો ક્યાંથી સરે?
અક્કલ વિનાના આદમી, હાર્યા છતાં ક્યાંથી ઠરે?
ગુણ–જ્ઞાન વિનાના ગુરૂ,
લ્હાણી-કહો ક્યાંથી કરે?
શંકર કહે સાકૂટજનો, માર્યા છતાં ક્યાંથી મરે?

ગુરૂ કહે પ્રહ્લાદને, સાંભળ હે સુત ! વાત,
શિખવ્યું કેમ શિખે નહિ, તે કહે અમને તાત ! ૧
વ્હાલું શું તને વિશ્વમાં, કોના ઉપર પ્રેમ ?
અંતર ખોલીને કહે, પ્રેમ તહિં નહિ નેમ. ૨

× × × ×

સુણી સવિનય બોલીયા, ભક્તપ્રવર પ્રહ્લાદ,
હે ગુરૂજી ! લાગ્યો મને, હરિભક્તિનો નાદ. ૩
આત્માથી વ્હાલું મ્હને, એકજ શ્રી હરિનામ,
સ્નેહ ધરીને સાંભળો, ટળશે તાપ તમામ. ૪

પદ ૪

નામ છે, નામ છે, નામ છેરે, મ્હને વ્હાલું વ્હાલાજીનું નામ છે,
હાંરે મ્હને પ્યારૂં પ્રભુજીનું નામ છે...ટેક.

જગના ભણતરમાં જીવ છે ન મ્હારોરે વ્હાલા,
મ્હારે તો શ્રીહરિથી કામ છે રે...મ્હને વ્હાલું...૧
રાત દિવસ રહે નિશો હરિનામનો રે વ્હાલા,
જ્યાં રે જોઉં ત્યાં મ્હારો શ્યામ છે રે...મ્હને વ્હાલું...૨
માયા ને કાયામાં ડૂબી છે દુનિયારે વ્હાલા,
મ્હારે તો વસ્તુ એ હરામ છે રે...મ્હને વ્હાલું...૩
શંકરના સ્થૂલ દેહનું આજે રે વ્હાલા,
જાહેર ચોકમાં લીલામ છે રે...મ્હને વ્હાલું...૪

× × × ×

જેની માયાના લીધે, ડૂબ્યો આ સંસાર,
મિથ્યાગ્રહરૂપ વારિમાં, તે મમ તારણહાર. ૧
"જ્યારે રીઝે રામજી, ત્યારે રીઝે સર્વ,"
તેથી હું તેને ભજું, મૂકી મનનો ગર્વ. ૨

× × × ×

પદ ૫

હરિની દયાથી બુદ્ધિમાં, ઓજસ્ અજબ રેડાય છે,
ત્યારેજ અંતર વિશ્વની, વાડી સરસ વેડાય છે.
જડતા ટળે–પશુતા પળે,
ભક્તિ ફળે--મુક્તિ મળે,
વૃત્તિ વળે હરિમાં ભળે, ત્યારે સ્વરૂપ સમજાય છે.
જ્યાં પ્રેમ છે ત્યાં નેમ નહિ,
જ્યાં નેમ છે ત્યાં ક્ષેમ નહિ,
જ્યાં ક્ષેમ છે ત્યાં વ્હેમ નહિ, એવું શ્રુતિ ગીત ગાય છે.
જ્યાં જાપ છે ત્યાં પાપ નહિ,
જ્યાં પાપ છે ત્યાં આપ નહિ,
જ્યાં આપ છે ત્યાં તાપ નહિ, સર્વત્ર હરિ દરશાય છે.
જ્યાં ભેદ છે ત્યાં વેદ નહિ,
જ્યાં વેદ છે ત્યાં ખેદ નહિ,
જ્યાં ખેદ છે ત્યાં મેદ નહિ, શંકર અનુભવ થાય છે.

× × × ×

"શંકર હરિકૃપા વિના, કુબુદ્ધિમાં નહિ ફેર,
વ્હાય ગુરૂ દ્વારે રહો, વ્હાય રહો નિજઘેર." ૧

"પોતાનું ને પારકું, એ કેવળ અજ્ઞાન,"
હે ગુરૂ ! તેથી તે તજી, ભજવા શ્રી ભગવાન. ૨

કહેવું સુણી પ્રહ્‌લાદનું, ગુરૂદેવ તો ગાજી ઉઠયા,
ત્યાંથીજ જાણે તેમના, ઉપર પ્રભુ પોતે રૂઠયા. ૧
"રગ રગ વિષે ક્રોધાગ્નિની, જ્વાળાતણો ભડકો થયો,
જાણી બુઝી એમાં પડી, અજ્ઞાની જીવ સળગી ગયો. ૨
જ્યાં જ્ઞાન છે ત્યાં માન નહિ,
જ્યાં માન છે ત્યાં જ્ઞાન નહિ,
સાચા હૃદયના ભક્તમાં, અજ્ઞાનતાને સ્થાન નહિ." ૩

બોલાવી એક સુશિષ્યને, ત્યાં સોટી મંગાવી લીધી,
સ્વાર્થી ગુરૂએ નર્કમાં, જાવાની તયારી કીધી. ૪

સોટી લઇને હાથમાં, માર્યો એને માર,
સમજાવ્યો બહુયે છતાં, સમજ્યો નહિ તલભાર. ૧
સામ દામ ને ભેદથી, સીધો નહિજ થાય,
માની એમ ગુરૂજીએ, લીધો દંડ ઉપાય. ૨

× × × ×

બોલ્યા હે પ્રહ્‌લાદ ! તેં, કહી 'કેવળ અજ્ઞાન',
આજે તો મ્હારૂં કર્યું, હડહડતું અપમાન. ૩
અસુર ચંદનવન વિષે, તું થયો કંટકરૂપ,
દીવો લઇને હાથમાં, પૂરવા બેઠો કૂપ. ૪

× × × ×

નિશ્ચય નહિ તું કુળદીપક, પણ દૃષ્ટ કુલાંગાર છે,
કુળને સમૂળ ઉખેડવા, હરિ–હાથનું હથિઆર છે. ૧
પહેલા નહોતું જાણ્યું કે, આવો હરામી થઇશ તું,
સદ્ધર્મ——નીતિ——જ્ઞાનને, મૂળમાંહિથી પી જઇશિ તું. ૨
દુર્ભાગ્ય છે અસુરેશનું,
નહિતર તું પેદા થાત નહિ,
જો થાત તો આવીરીતે, તું ભૂલ ભૂલૈયાં ખાત નહિ. ૩
હે મૂર્ખ ! જો વિચારી તું, બાજી હજી છે હાથમાં,
જાણી બુઝી કાં આભને, ઘાલી રહ્યો છે બાથમાં ? ૪

× × × ×

વિષથી પણ કડવાં વચન, સુણી કહે પ્રહ્‌લાદ,
હે ગુરૂ ! હરિકૃપા વિના, મળે ન ભક્તિપ્રસાદ, ૧
ચ્હાય ભલે આ દેહના, કટકા કરો હજાર,
પણ શ્રીહરિભક્તિ વિના, રહી શકું ન લગાર. ૨

હું સત્ય કહું છું હે ગુરો ! વિદ્યા મ્હને એ પ્રિય છે,
જેમાં જગતૂના સર્વ આ, પાપી જીવોનું શ્રેય છે. ૧
"જ્યાં જ્યાં જુઓ ત્યાં ત્યાં બધે, સત્તા દિસે ભગવાનની,
સર્વત્ર હરિ દરશાય પણ, જો આંખ ઉઘડે જ્ઞાનની." ૨
ભગવાનની ભક્તિરૂપી,
નૌકા વિષે બેસી સદા,
તરવા ચહું ભવસિંધુને, દુનિયાથી ડરવું નહિ કદા. ૩
'એ એક છે-બીજો નથી', શ્રુતિવચન એવું કહે,
તેથીજ મ્હારૂં ચિત્ત પણ, તેમાંજ તલ્લીન થઈ રહે. ૪

× × × ×

પાપી પેટના કારણે, કેમ તજાયે ધર્મ ?
સાચું કહેવામાં કહો, કેમ રખાયે શર્મ ? ૧
કપટી જીવોને કદિ, થાય ન અંતર્જ્ઞાન,
કારણ કે મન એમનાં, માયામાં મસ્તાન. ૨

× × × ×

આપની આગળ શું કહું, હે સદ્ગુરો ! મહાભાગ,
ચાહે નિજહિત તેમણે, કરવો સ્વાર્થનો ત્યાગ. ૩
આમ કહી પ્રહ્લાદજી, રહ્યા ઘડીભર શાંત,
ગુરૂનો ગર્વ ગળી ગયો, ઉલટું કરે કલ્પાંત. ૪

× × × ×

સાક્ષાત્ હરિના ભક્તને, મેં પાપીએ કાં દુઃખ દીધું !
જાણી બુઝી મનઝોળીમાં, મેં નર્કનું ભાતું લીધું. ૧
આ પાપી પેટના કારણે, અઘટિત કર્મો મેં કર્યાં,
જોતાં વિચારી વિશ્વમાં, સ્વાર્થી કદિએ નવ તર્યાં. ૨
કાયા અમૂલ્ય મળી છતાં,
હરિનામ મેં લીધું નહિ,
મ્હારૂં અગર કો' અન્યનું, કલ્યાણ કૈં કીધું નહિ. ૩

૨૨૧૩૭

ગત જન્મના આ જ્ઞાનીને, હું શુંજ સમજાવી શકું ?
જાણું છતાં ડાહ્યો થઇ, હું વ્યર્થ શું કરવા બકું ? ૪

× × × ×

માની એમ ગુરૂજીએ, મોકલી રાણીવાસ,
નવડાવી–શણગારીને, લઇ ગયા પિતા પાસ. ૧
પ્રહ્‌લાદે વંદન કર્યું, અંતર ધરી આહ્‌લાદ,
હરખી તાતે પુત્રને, આપ્યા આશીર્વાદ. ૨

× × × ×

બેસાડી નિજગોદમાં, પૂછે અસુરરાજ,
હે દીર્ઘાયુષી ! કહે, સાચેસાચું આજ. ૩
ગુરૂગૃહે જઈ જે શીખ્યો, સઘળું તે સંભળાવ,
પુત્ર કહે કે પિતા ! સુણો ધરી મન ભાવ. ૪

પદ ૬

ભણતર ભણ્યો હરિનામનું, જેમાં ખરૂં કલ્યાણ છે,
જાણ્યા છતાં જે ના ભણે, તે જીવતો પાષાણ છે.
હરિનામના ભણતર વિના,
સંસાર આ છે આંધળો,
સદ્‌ગુણ ને સમજણ વિના, હરિભક્ત પણ છે પાંગળો.
શ્રી વિષ્ણુનું કીર્તન શ્રવણ,
સેવન–સ્મરણ–વંદન––પૂજન,
દાસત્વ—મિત્રત્વ અને, નિજાત્મ નિવેદન પ્રસન્ન.
હરદમ જપું હરિનામને,
અંતર દુરાશાઓ તજી,
સંસારરૂપ સમુદ્રને, સહજે તરૂં હરિને ભજી.
જો કે ડરાવે લોક પણ,
મ્હારૂં હૃદય ડરશે નહિ,

કોટિ ઉપાયો યોજતાં, શંકર કદિ ફરશે નહિ.

× × × ×

"ઉત્તમ શિક્ષણ માનું હું, નવધા ભક્તિ જેહ,
ભણનારો ભવજળ તરે, તેમાં નહિ સંદેહ." ૧
પુત્ર વચન સુણી પિતા, બહુ થયો તાજુબ,
વિપરીત બુદ્ધિ જોઈને, ખીજ્યો મનમાં ખૂબ. ૨

× × × ×

ગુરૂપુત્ર પ્રતિ કોપી કહે, હે નીચ બ્રાહ્મણ! શું કર્યું ?
મમ શત્રુઆશ્રિત તેં ખરે, ઉલટું મગજ એનું ભર્યું. ૧
સદ્‌બોધ દેવાને બદલ, અતિનિંદ્ય હરિભક્તિ દીધી,
હાથે કરીને આજ તેં, તલ્વાર તારા શિર લીધી. ૨
મેં શું કહ્યું–તેં શું કર્યું ?
તેનો તને કૈં ખ્યાલ છે?
હું જાણું છું કે બ્હારથી, તું દેખીતો કંગાલ છે. ૩
જે સાચું હોય તે કહીજ દે, દહાડો હજી કૈં ઘેર છે,
નહિતર સમજ કે કાળરૂપ, તુંજ માટ આ સમશેર છે. ૪

× × × ×

હે રાજન્! સાચું કહું, આમાં નહિ મમ દોષ,
સારાસાર વિચારીને, તજો હૃદયથી રોષ. ૧
આ બાળકની આ મતિ, સ્વાભાવિક જણાય,
એથી એમાં કોઈનો, દોષ નહિજ ગણાય. ૨

× × × ×

ગુરૂપુત્રની વાર્તા સુણી, હિરણ્યકશિપુ કોપીયો,
જાણો વિધિએ ત્યારથી, ત્યાં વૈરનો સ્થંભ રોપીયો. ૧
કહેઃ–હે અમંગળ છોકરા ! ક્યાંથી કુબુદ્ધિ આ થઇ?
મમ શત્રુના ગુણગાનમાં, શ્રદ્ધા તને કયીરિત થઈ? ૨

પ્રહ્‌લાદ કહે કે હે પિતા ! સંસારીઓની આ મતિ,
ગત જન્મનાં પુણ્યો વિના, કદિએ ન કોઈની થતી. ૩

"ગત જન્મનાં જો પુણ્ય તો, જીવ પર પ્રસન્ન હરિ થાય છે,
ત્યારેજ તેના મનં વિષે, હરિભક્તિ આ ઉપજાય છે." ૪

× × × ×

"સંસારી શબ્દાદિમાં, રહે સદા તલ્લીન,
તેથી લખચોરાશીમાં, રખડે રાત્રિદિન." ૧
"ગત જન્મોનાં સુખડાં, એને આવે યાદ,
તેથી શ્રીહરિભક્તિનો, કદિ ન લાગે નાદ. ૨

× × × ×

"વ્હાલા વિષય વ્હાલું જગત્, વ્હાલા જગત્‌ના લોક છે,
પણ જો પ્રભુ વ્હાલા નહિ, તો સર્વ વ્હાલાં ફોક છે. ૧
વ્હાલી વિષયની વેદના, વ્હાલી સજા સંસારની,
પણ વ્હાલી જો હરિભક્તિ નહિ, તો વ્યર્થ આશ ઉદ્ધારની. ૨
પરમાત્મની કરૂણા વિના,
પરમાત્મભક્તિ થાય નહિ,
પરમાત્મની ભક્તિ વિના, ભવસિંધુ પાર જવાય નહિ." ૩
હે તાત ! શ્રીહરિ ચર્ણમાં, મ્હારૂં હૃદય કાયમ રમે,
એના વિના આ વિશ્વમાં, બીજુ મ્હને કૈં ના ગમે. ૪

× × × ×

"શ્રીહરિ સમ કરૂણાનિધિ, અન્ય ન કોઈ જણાય,
એથીજ મ્હારો આતમા, એનામાંજ તણાય." ૧

વિષથી પણ કડવાં વચન, સુણી ખીજ્યો અસુરેશ,
પૃથ્વી પર ફેંકી દીધો, પકડી શિરના કેશ. ૨

× × × ×

ઉશ્કેરાઈ ક્રોધથી, મારી પગની લાત,
અરિરૂપ જાણી પુત્રને, કકળી ઉઠયો તાત, ૩

કુળઘાતક હે દીકરા! આંખથી થા તું દૂર,
મોં તારૂં દેખાડ નહિ, અકળાયું મમ ઉર. ૪

× × × ×

હે રાક્ષસો! આ દૂષ્ટને, જલ્દી અહિંથી દૂર કરો,
મારી કુપુત ચંડાળને, મ્હારા હૃદયનું દુઃખ હરો. ૧
મમ શત્રુનો એ દાસ થઈ, મમ શત્રુના ગુણ ગાય છે,
સમજાવતાં એ નીચને, કૈં પણ અસર નહિ થાય છે. ૨

કૂળનું નિકંદન કાઢવા,
એણે જનમ આંહિ ધર્યો,

નિશ્ચય મ્હને મમ શત્રુએ, કરી આમ-ઈશારો કર્યો. ૩
માટે મમાજ્ઞા વશ થઈ, યમપૂરી વિષે મોકલો,
આના વિના કોઇ બીજો, મારગ ન દેખાયે ભલો. ૪

× × × ×

આજ્ઞા થતાં અસુરેશની, દૈત્ય થયા તૈયાર,
બાળના મર્મ સ્થાનમાં, કરે ત્રિશૂળ પ્રહાર. ૧
"અભાગીયાના ઉદ્યમો, જેમ સફળ નહિ થાય,
તેમ ઉપાયો દૈત્યના, સઘળા ફોગટ જાય." ૨

પદ ૭

જેને શરણ શ્રીરામનું, તેને દુરાત્મા શું કરે!
જાણે છતાં ઝખ મારવા, એ આભથી બાથો ભરે.
જે સર્વમાં હરિને જુએ, તેને બીજુ દેખાય નહિ,
લાખો ઉપાધિ નાખતાં, એને ઉપાધિ થાય નહિ.

શબ્દાદિ વિષયોનું રટણ,
જેનું હૃદય કરતું નથી,
દુનિયાતણા અપવાદથી, એનું હૃદય ડરતું નથી.

સુખ દુઃખ આદિ સર્વમાં, સમભાવના જેને રહે,
શંકર કહે એનું હૃદય, કાયમ હરિભક્તિ ગ્રહે.

× × × ×

ત્રિશૂળ શ્રીપ્રહ્‌લાદને, કરી શકયાં નહિ કાંઇ,
ત્યારે ત્યાં અસુરેશને, વ્હેમ પડયો મનમાંહિ. ૧
પછી તો નક્કી મારવા, કર્યા અનેક ઉપાય,
"ગજ વાગે શું કોઇનો, જ્યાં શ્રીહરિની સ્હાય ?" ૨

× × × ×

દિગ્ગજ અને સર્પાદિથી, બહુ ત્રાસ આપ્યો બાળને,
હાથે કરી હિણભાગીએ, તેડું કર્યું ત્યાં કાળને. ૧
ગિરિ ટોચથી ફેંકયો તળે, બહુ જાતનાં વિષ આપીયાં,
ખાડા વગેરેમાં પૂરી, હરિભકતનાં બળ માપીયાં. ૨
ખાવા પીવા આપ્યું નહિ,
પૃથ્વિ વિષે દાટી દીધો,
જળમાં ડૂબાડી ભકતને, અગ્નિ વિષે ભારી લીધો. ૩
"પણ જ્યાં પ્રભુની છે દયા, ત્યાં કોઇનું ચાલે નહિ,
લાખો ઉપાયો યોજતાં, ભક્તોનું મન હાલે નહિ." ૪
"વળખાં મારે શું વળે, જ્યાં શ્રીકૃષ્ણ કૃપાળ,
કોઈ રીતે હરિભક્તનો, વાંકો થાય ન વાળ." ૧
"જેનું મન હરિમાં ગળ્યું, તેને ડગાવે કોણ ?
ચૌદ ભૂવનનાં ચાંપલાં, એના આગળ કોણ ?"

× × × ×

"જો પૂર્ણ શ્રદ્ધા હોય તો, મન ભાવના સહજે ફળે,
જો થાય કરૂણા કૃષ્ણની, તો જોઈએ તે તે મળે. ૧

સાચા હૃદયના ભક્તજન, કૈં કોઈને કહેતા નથી,
વ્યવહારી જીવની વાણીપર, કદિ ધ્યાન એ દેતા નથી. ૨
વ્હાલું નહિ વૈરી નહિ, સુખ દુઃખ સરખાં જેમને,
એકત્વ જાણ્યું આત્મનું, માયા કરે શું તેમને? ૩
"હું સર્વમાં સર્વે હુંમાં," એવું સદા ચિંતન કરે,
એના અગાડી ભાવિ પણ, પામર બની પાણી ભરે." ૪

× × × ×

"સાચી લગની શ્યામની, જેને લાગી હોય,
તેને તેના માર્ગથી, ભ્રષ્ટ કરે નહિ કોય." ૧
"દુનિયાથી ડરતા નથી, સાચા શ્રીહરિ ભક્ત,
એથી આખર એમને, નમતું આપે જગત." ૨

પદ ૮

શ્રીહરિના ભક્ત તે તો જગથી ના ડરે,
રામનું રખવાળું એને કોઈ શું કરે?...શ્રીહરિના...ટેક.
ભક્ત ઉપર જુઠી જાળ જગત પાથરે,
સૂર્ય સામે ધૂળ નાખે કહો શું સરે?...શ્રીહરિના...૧
પૂર્ણ પ્રેમ ત્યાં ન નેમ વ્હેમ શું કરે?
આત્મથી અભેદ ધ્યાન યોગીઓ ધરે...શ્રીહરિના...૨
દુસ્તર ભવસિંધુને જે સ્હેજમાં તરે,
ખાડા ને ખાબોચીયામાં કેમ તે મરે?...શ્રીહરિના...૩
શંકર સર્વસ્વ હરિચર્ણમાં ધરે,
મોહનની મૂર્તિ સદા મનમાં ઠરે...શ્રીહરિના...૪

× × × ×

જ્યારે કોઇ ઉપાયથી, પુત્ર થયો નહિ ઠાર,
ત્યારે હિરણ્યકશિપુ, મનમાં કરે વિચાર. ૧
બહુ કહ્યાં કડવાં વચન, છતાં ન ક્રોધ લગાર,
નિશ્ચય આ દિવ્યાત્મના, મહિમાનો નહિ પાર. ૨

આ પુત્રને બહુ પીડતાં, નિશ્ચય પીડા મુજને થશે,
જો હું નહિ સમજીશ તો, આમાંજ મારો જીવ જશે. ૧
કોઈ રીતે એને જરા, પીડા થઇ શકતી નથી,
તો મૂર્ખતાના વશ થઈ, ફોગટ મરૂં હું કાં મથી ? ૨
એકે ઉપાય ન સુજતાં,
અસુરેશ ચિંતામાં પડ્યા,
ત્યારે ગુરૂપુત્રો તહિં, કૈં કાનમાંહિ બડબડ્યા. ૩
હે નાથ ? આપ સમર્થ છો, કહેવું પડે શું આપને ?
જાણે બિચારો બાળ શું, આ આપના પરતાપને ? ૪

× × × ×

ભ્રકુટિ વિલાસ માત્રથી, આપે જીત્યું ત્રિલોક,
એવા આપ સમર્થને, ઘટે ન કરવો શોક. ૧
“વૈર વિવાહ ને પ્રીતડી, સરખા સાથે થાય,
ઉલટા પંથે ચાલતાં, પોતાની પત જાય.” ૨

× × × ×

તેથી ફીકર સઘળી તજી, અસુરેશ ! આનંદમાં રહો,
બાળક ઉપર કરૂણા કરી, ગંભીરતા અંતર ગ્રહો. ૧
એને અમે સમજાવશું,
બનતા ઉપાયો આદરી,
‘બહુ સારૂ’ અસુરેશે કહી, એ વાત અંતરમાં ધરી. ૨
ગ્રહસ્થાશ્રમી રાજાતણા, ધર્મો તમો શિખવાડજો,
હે બ્રાહ્મણો ! હરિભક્તિથી, કો’ રીત હેઠે પાડજો. ૩
શ્રદ્ધા મને છે પૂર્ણ કે, નક્કી મમાંતર ઠારશો,
એનું જીવન સુધારીને, મમ વ્યાધિને નિવારશો. ૪

× × × ×

આજ્ઞા સુણી અસુરેશની, ગુરૂઓ દે ઉપદેશ,
પણ ભક્ત પ્રહ્‌લાદને, થાય અસર નહિ લેશ. ૧
રમે જમે આનંદમાં, રહે ગુરૂના ઘેર,
મહિમા શ્રીહરિનામનો, ગાયે ઠેરોઠેર. ૨

× × × ×

વિદ્યાર્થીઓ ભેગા કરી, ઉપદેશ સુંદિર આપતા,
વિધ વિધ યુક્તિ વાપરી, સંશય સહુના કાપતા. ૧
બાળક બધા દિગ્મૂઢ બની, તલ્લીન તેમાં થઈ જતા,
સ્થાપી હ્રુદય પ્રહ્‌લાદમાં, ઉપદેશ સાંભળતા હતા. ૨
મહાજ્ઞાની શ્રીપ્રહ્‌લાદની,
વાણી મધુર એવી હતી,
જે સાંભળીને ભોટની, પણ ભાવના સુંદિર થતી. ૩
પોતે અસુર હોવા છતાં, અવગુણ એકે નહિ દિસે,
તલ્લીન હતું મન તેમનું, ભગવાનની ભક્તિ વિષે. ૪

× × × ×

" પૂર્વ જન્મનાં પુણ્ય તો, થાય પ્રભુમાં પ્રીત
સદ્‌ગુણ દધિ વલોવતાં, મળે જ્ઞાન નવનીત. " ૧
એક દિવસ પ્રહ્‌લાદજી, ભેગાં કરીને બાળ,
દેવા માંડયા પ્રેમથી, બોધ અતીવ રસાળ. ૨

પદ ૯

અભણને પણ ભવતારણહાર, હરિનું નામ છે રે,
ભણીને ઉતરવું ભવપાર, અવર નહિ કામ છે રે.—ટેક—
ભણતર શ્રીહરિનામનું સાચું,
એના વિના બીજું બધુંય કાચું (૨)
યાચું નહિ આલમને, સ્વામી શ્રીરામ છે રે...અભણને...૧

જગ ભણતરમાં જનમ ખપાવે,
તોપણ ત્રિવીધિ તાપ તપાવે (૨)
ફાવે નહિ કોઈ રીત, એવું એ કામ છે રે...અભણુને...૨
જગ ભણતર જંજાળમાં નાખે,
હરિ ભણતર હરિશરણુમાં રાખે (૨)
ભાખે શ્રુતિ ને સ્મૃતિ, સુંદિરવર શ્યામ છે રે...અભણુને...૩
શંકર હરિ ગુરૂ સંત પ્રતાપે,
હરદમ શ્રીહરિ નામજ જાપે (૨)
સ્થાપે અંતર ભક્તિ, અમીરસ જામ છે રે...અભણુને...૪

× × × ×

હે બાળકો ! માનવ તનુ, દુર્લભ અતિ સંસારમાં,
ઇચ્છીત વસ્તુ આપીને, પહોંચાડતું પ્રભુદ્વારમાં. ૧
તેથી મનુષ્યે બાલ્યમાં, હરિભકિતને સ્વીકારવી,
કાયા અને માયા જુદી, એ વાત ઉર ઉતારવી. ૨
સાચું શરણ શ્રી વિષ્ણુનું,
બીજું બધુંય અસાર છે,
જોતાં સકળ બ્રહ્માડમાં, એ એક તારણહાર છે. ૩
એ સર્વનો છે આતમા, ઇશ્વર અને પ્રિય મિત્ર છે,
મન--વાણીથી પર બ્રહ્મનું, અદ્દ્ભૂત રૂપ--ચારિત્ર છે. ૪

× × × ×

"ઇંદ્રિયજન્ય સુખો મળે, થાતો તનુનો યોગ.
કાયમ કોઈ રહે નહિ, મિથ્યા સર્વે ભોગ" ૧
"જેમ પૂર્વનાં કર્મથી, યત્ન વિના મળે દુ:ખ,
તેમજ સૌને સાંપડે, શબ્દાદિકનાં સુખ." ૨

× × × ×

તેથી સુખોને પામવા, કૈં યત્ન કરવો ના ઘટે,
કોટિ ઉપાયો યોજતાં, વિધિએ લખેલું ના મટે. ૧

મિથ્યા શ્રમો કરવા જતાં, આયુષ્ય ઓછું થાય છે,
હરિભક્તિ પણ મળતી નથી, જીવન વૃથા વહી જાય છે. ૨

ડાહ્યા પુરૂષે આવી અહિં,
ઉદ્ધાર કરવો આત્મનો,

માયાથી થાવું મોકળા, આશ્રય ગ્રહી પરમાત્મનો. ૩
શાસ્ત્રો અને સંતો કહે, હરિભક્તિમાં કલ્યાણ છે,
માયાવી જીવ માટે સદા, રૌરવ નરકની ખાણ છે, ૪

× × × ×

પુરૂષાયુષ સો વર્ષનું, એમાં અર્ધો ભાગ,
નિદ્રામાં વહી જાય છે, થાય નહિ કૈં ત્યાગ. ૧
બાળપણામાં દશ અને, કુમારમાં પણ દશ,
વર્ષ વિતાવે ખેલમાં, થઈ જડતાના વશ. ૨

× × × ×

દશ વર્ષો યુવાનીનાં, મોહમાં ચાલ્યાં જાય,
આંખ ન ઉઘડે જ્ઞાનની, અંતે દુઃખી થાય. ૩
બાકીનાં જે વીસ તે, વૃદ્ધાવસ્થામાંહિ,
સર્વ પ્રકારે દીન બને, તો પણ સુઝે ન કાંઇ. ૪

× × × ×

એવો કયો પુરૂષ જે, ઘરમાં રહી--બંધાય નહિ?
ઇંદ્રિયને જીત્યા વિના, મુક્તિ કદીએ થાય નહિ. ૧
જે પ્રાણથી પણ પ્રિય ધન, તેને કયો ત્યાગી શકે?
ને મોહ નિદ્રાને તજી, આત્મા કયો જાગી શકે? ૨
માતા પિતા આદિ પ્રતિ, જેના હૃદયમાં રાગ છે,
તેના હૃદયમાં તેમના, માટે કદિ નહિ ત્યાગ છે. ૩
સ્ત્રીથી હણાયેલો પુરૂષ, ઉભો થઇ શકતો નથી,
ઘરત્યાગરૂપી વેદી પર, પામર ચઢી શકતો નથી. ૪

× × × ×

રાત દિવસ પરિવારનું, સ્મરણ કરે છે જેહ,
તે ડૂબે ભવસિંધુમાં, એમાં નહિ સંદેહ. ૧
લોભને લીધે કામથી, રહે અતૃપ્ત સદાય,
જીભ ને ગુહ્યેંદ્રિયના, સુખ પાછળ અથડાય. ૨

× × × ×

જાણે છતાં પાગલ બની, અઘટિત કાર્યો એ કરે,
અંતે બધું સંભારીને, શોકાશ્રુથી શય્યા ભરે. ૧
સમજી શકે નહિ સાનમાં, આયુષ્ય એળે જાય છે,
તેથીજ તે ત્રણ તાપથી, અત્યંત દુઃખી થાય છે. ૨
પરધન અને પરસ્ત્રી વિષે,
જેનું હૃદય કાયમ રમે,
તેને પ્રભુના ચર્ણની, ભક્તિ કયા રીતે ગમે? ૩
જાણે નરકની ખાણ છે, તોપણ કૂદી તેમાં પડે,
કાયમ રહી હરિથી વિમુખ, રંધાઈ રંધાઈ સડે. ૪

× × × ×

માટે હે મિત્રો તમે, તજી માયાનો સંગ,
હરિરસમાં રસબસ બનો, ન્હાઈ સુવિદ્યા ગંગ. ૧
છોડી મોહ કુટુંબનો, જાઓ શ્રીહરિ શર્ણ,
કરૂણા થાતાં કૃષ્ણની, ટળશે જન્મ ને મર્ણ. ૨

× × × ×

સ્થાવરથી માંડી અજસુધી, હરિ વ્યાપ્ત પ્રાણી માત્રમાં,
પણ પાપી જીવોને કદિ, દર્શન ન દે કુપાત્રમાં. ૧
દુર્લભ કહો શું એમને, જેના ઉપર રીઝે હરિ?
દુર્ભાગ્યરૂપ શું એમને, જેના ઉપર ખીજે હરિ? ૨
આનંદરૂપ ભગવાનને,
મળતાં ન બાકી—કૈં રહે,
એથીજ સાચા સંત તે, હરિભક્તિનો મારગ ગ્રહે. ૩

આજીવિકાનાં સાધનો, કર્માદિ સર્વે હેય છે,
જે થાય અર્પણ દેવને, તે વસ્તુ ઉપાદેય છે. ૪
સર્વ પરિગ્રહ ત્યાગીને, ધરે હરિનું ધ્યાન,
તેના અંતઃકરણમાં, ઉપજે નિર્મળ જ્ઞાન. ૧
હરિએ નારદને કહ્યું, દુર્લભ આ બ્રહ્મજ્ઞાન,
નારદ પાસેથી મ્હને, થયું સ્વરૂપનું ભાન. ૨

× × × ×

દૈત્યના બાળક બોલીયા, હે શ્રીભક્ત પ્રહ્લાદ !
તમને ક્યાંથી ? કયીરીતે, લાગ્યો ભક્તિનાદ ? ૩
એક ગુરૂ છે આપણા, એકજ આપે જ્ઞાન,
તમને સંગ ન અન્યનો, સંશય થાય મહાન. ૪
હે દૈવિજીવ ! દયા કરી, સંશય અમારો કાપશો,
સમજાવી સાચું હોય તે, હરિભક્તિ અંતર સ્થાપશો. ૧
હે સૌમ્ય ! જોઈ આપને, આનંદ અમને બહુ થયો,
સદ્ભાગ્ય છે અમ સર્વનું, દુર્લભ સમાગમ આ થયો. ૨
" કોટિ જનમનાં પાપ તે,
આજે સહુ પ્રલય થયાં,
શાંતિ સદનનાં બારણાં, ક્ષણમાં અહા ઉઘડી ગયાં." ૩
"ગત જન્મનાં પુણ્યો વિના, સાધુસમાગમ થાય નહિ,
સાધુજનોની રહેમ વિણ, વસ્તુ ખરી સમજાય નહિ." ૪

× × × ×

" પાપીને પાવન કરે, સાધુજનનો સંગ,
સંગ વિના લાગે નહિ, હરિભક્તિનો રંગ." ૨
એથી મહિમા સાધુનો, ઠામોઠામ ગવાય,
" શુદ્ધ હૃદયથી સેવતાં, સહજે પાર જવાય." ૨

× × × ×

પદ ૧૦

દુર્લભ છે જગમાં, સાધુજનનો સંગ,
સાધુજનનો સંગ ભાઈ! ભકતજનોનો સંગ...દુર્લભ...ટેક
સંત સમાગમ પતિત પાવન, જાણે નિર્મળ ગંગ, ભાઈ,
સ્નાન કરો જો સ્નેહ ધરીને, વિશુદ્ધ થાયે અંગ,
ભાઈ! સાધુજનનો સંગ...દુર્લભ...
સંત સમાગમ શુદ્ધ રસાયન, જો વ્યાપે નિજ અંગ, ભાઇ,
તો કોઇ રોગ રહે નહિ અંતર, ઉમટે ખૂબ ઉમંગ,
ભાઇ ! સાધુજનનો સંગ...દુર્લભ...
પ્રેમપંથના પથિકગણને, લાગ્યો એમનો રંગ, ભાઈ,
કારણ સંતકૃપાવિણ કદિએ, છેક ન પહોંચે સંગ.
ભાઇ ! સાધુજનનો સંગ...દુર્લભ...
કાયા જુદી માયા જુદી, જુદો સઘળો જંગ, ભાઈ,
શંકર સંત સમાગમ સાચો, આપે સુખ અભંગ,
ભાઈ! સાધુજનનો સંગ...દુર્લભ...

× × × ×

સાધુ સંત કૃપા વડે, ભવજળ સહજ તરાય,
સેવા ભાવિ જીવ તે, સીધા વૈકુંઠ જાય. ૧

× × × ×

કરૂણા થાતાં જેમની, ઘટઘટ ભાસે રામ,
એવા સાધુ સંતને, કોટિવાર પ્રણામ. ૨

× × × ×

પ્રિય મિત્રગણનું સાંભળી, પ્રહ્લાદજી ત્યાં બોલીયા,
અંતર અભેદ વિચારીને, અંતરપટો ત્યાં ખોલીયા. ૧
મ્હારા પિતા તપ કારણે, શ્રીમંદરાચળ પર ગયા,
ત્યારે અસુર સંહારવા, તૈયાર સર્વે સુર થયા. ૨

ઇંદ્રાદિ દેવે આવીને,
લાખો અસુરને મારીયા,
ફરકાવી જયના વાવટા, દૈવિ જીવોને ઠારીયા. ૩
મ્હારી સગર્ભા માતને, ઇંદ્રે લીધી જ્યાં મારવા,
ત્યાં નારદે આવી કહ્યું, 'આ–યોગ્ય નહિ સંહારવા. ૪

× × × ×

નિર્દોષી પરનાર છે, તથા સતી મહાભાગ'
માટે એને માર નહિ, ક્રોધ સમુળો ત્યાગ. ૧
ઇંદ્રિ કહે કે દૈત્યનું, વીર્ય સતીના પેટ,
એથી હણવા યોગ્ય એ, માની મૂકું ઠેઠ. ૨

× × × ×

અથવા પ્રસવ ટાણા સુધી, રાખીશ હું મ્હારા કને,
છોડી મૂકીશ–બાળક હણી, સાચું કહું છું આપને. ૧
નારદ કહે હે સુરપતિ! જે પુત્ર એને આવશે,
તે પૂર્ણ શ્રીહરિ ભક્ત થઈ, હરિભક્તિને ફેલાવશે. ૨
પુણ્યાત્મ ને નિષ્પાપ તે,
તાારાથી મૃત્યુ ન પામશે,
તેથી તું સ્ત્રીને માર નહિ, નહિતર હરિથી જામશે. ૩
"ભગવાનના ભાવિક જનો, માર્યા કદિ મરતા નથી,
એક્કિ બની સંસારમાં, ખુદ કાળથી ડરતા નથી." ૪

× × × ×

મુનિની વાર્તા મન ધરી, કરી વળી વિચાર,
સુરપતિએ મમ માતને. છોડી દીધી તે વાર. ૧
મ્હારા પરની ભક્તિથી, વંદી ગયા નિજસ્થાન,
મમ માતાને લઇ ગયા, નારદ કૃપાનિધાન. ૨

નિજ સ્થાનમાં રાખી મુનિ, મમમાતની પ્રત્યે કહે,
તુંજ સ્વામી આવે ત્યાંસુધી, પુત્રિ ! સુખેથી અહિં રહે. ૧
'બહુ સારૂ' કહી માતા રહી, સદ્ભાવથી સેવા કરે,
"સ્વામી પધારે તે પછી, થાજો પ્રસવ" એ ઉર ધરે, ૨

ઉદ્દેશી અમને બેઉને,
ઉપદેશ આપ્યો નારદે,

પણ શ્રીહરિની મ્હેરથી, હું જાણું સઘળી વાતને. ૪

તેથી જો મારા ઉપર, તમને દૃઢવિશ્વાસ,
રહેશે તો નિશ્ચય થશે, નિર્મળ જ્ઞાન પ્રકાસ. ૧
"સર્વે સાધનના વિષે, શ્રદ્ધા સૌથી શ્રેષ્ટ,
શીઘ્ર ફળે સદ્ભાવના, વસ્તુ મળે યથેષ્ટ." ૨

× × × ×

આત્મા સદા નિર્લેપ છે, પણ મૂર્ખ મિથ્યા ભ્રમ કરે,
સમજ્યા વિના સદ્વસ્તુમાં, દેહાદિના ધર્મો ધરે. ૧
જન્માદિ ભાવવિકાર પટ્, સ્થૂલ દેહનાજ જણાય છે,
તોપણ તુલાના તાનમાં, તામસ તણાયા જાય છે. ૨

પોતાનું ભાન ભૂલી જીવો,
પાપાચરણ પોતે કરે,

પશુતા પછેડી ઓઢીને, અજ્ઞાનનું ધ્યાનજ ધરે. ૩
આત્માભિલાષી જ્ઞાનીએ, આ સર્વ વાતો છોડવી,
નિર્લેપ નિર્ગુણ નિત્યમાં, વૃત્તિ સદાયે જોડવી." ૪
"અવિનાશી આત્મા વિષે, માયાની નહિ ગંધ,
નિત્ય મુક્ત નિજાત્મમાં, ઘટે ન કોઈ બંધ." ૧
"હું-મારૂં નો જ્ઞાનીએ, કરવો કાયમ ત્યાગ,
તોજ સ્વરૂપાનંદરૂપ, સાંપડે સુખ અથાગ." ૨

× × × ×

સૌ દૈત્ય પુત્રોને ગમ્યું, શિક્ષણ સરસ પ્રહ્લાદનું,
એથી ગ્રહી––માની ગુરૂ, સન્માન કર્યું પ્રહ્લાદનું. ૧

"હરિભક્તની અમૃતમયી, વાણી શ્રવણ થાતાંજ સૌ,
તલ્લીન બને હરિભક્તિમાં, અંતરસ્થ મલ જાતાંજ સૌ. ૨

"દિન રાત લગની જેમને,
લાગી હરિના નામની,
જ્યાં જ્યાં ફરે ત્યાં ત્યાં બધે, ધૂન ગાય રાધેશ્યામની." ૩

પ્રહ્લાદ સાથે સર્વની, વિપરીત બુદ્ધિ જોઈને.
બોલ્યા ગુરૂ થઈ બ્હાવરા, ભેજું સમુળગું ખોઈને. ૪

× × × ×

હે ! પાપી પ્રહ્લાદ તેં, ઉલટો કર્યો અનર્થ,
સર્વરીતે સમજાવતાં, એકે સર્યો ન અર્થ. ૧
બગડી બગાડી અન્યને, બોળી નાખ્યો બોધ,
"કોણ જીવે આ જગતમાં, કરી ગુરૂથી વિરોધ ? ૨

કહી એમ એને લઈ ગયા, હિરણ્યકશિપુના કને,
કથની બધી ત્યાં જઈ કહી, સુણતાં ચઢી રીસ દૈત્યને. ૧
હિરણ્યકશિપુનું શરીર, બહુ ક્રોધથી ધ્રૂજી ઉઠયું,
જાણો જરૂર કે ત્યારથી, એ દૂષ્ટનું ભાવી રૂઠયું. ૨
મારી ફુંફાડા સર્પવત,
કરજોડી ઉભા બાળને,
ધિક્કારી કહે 'જાણી બુઝી, તેડું દીધું તેં કાળને.' ૩
હે મંદ બુદ્ધિ ! પુત્ર તેં, આજ્ઞાનું ઉલ્લંઘન કરી,
આજે અરિ મ્હારો બન્યો, અંતર બુરા ભાવો ધરી. ૪

× × × ×

હે ઉદ્ધત ! આજે તને, મોકલી દઉં યમ લોક,
ત્યાં જઈ તારા પાપની, મૂકજે પ્રેમે પોક. ૧

"અભિમાની આત્મા સદા, કરે નર્કમાં વાસ,
કારણકે કાયમ બને, દુર્બુદ્ધિનો દાસ." ૨

પદ ૧૧

દુર્બુદ્ધિના જે દાસ તે, સન્માર્ગમાં ટકતા નથી,
સ્વર્ગીય સુખોની મજા, માણી કદિ શકતા નથી.
માનવ તનુ પામ્યા છતાં,
ગાળી પશુવત્ જીંદગી,
માનવ જીવનના લ્હાવ કૈં, તે તો લઈ શકતા નથી.
ખાખરતણી ખિસકોલીને,
શું ભાન સાકર સ્વાદનું?
મૂઢો પ્રભુના પ્રેમને, જાણી જરી શકતા નથી.
શંકરતણી આ વાતને,
સંસાર શું જાણી શકે?
વ્યવહારના વિજ્ઞાનમાં, જ્ઞાની ઘૂસી શકતા નથી.

× × × ×

પાપી તાતે પુત્ર પર, ધરી અનેક કુભાવ,
કરવા માંડયો ત્રાસ પણ, ચાલ્યો એક ન દાવ. ૧
મનમાં ખીજાઇ બહુ, બ્હાર બતાવી પ્રેમ,
પૂછવા માંડયો પુત્રને, દૂર કરવા નિજ વ્હેમ. ૨

× × × ×

હે મૂઢ! કોના બળ વડે, તું આટલું કૂદી રહ્યો?
કોની શિખામણથી કહે, નિજધર્મને નિંદી રહ્યો? ૧
પ્રહ્લાદ કહે કે હે પિતા? "મારા–તમારા–સર્વના,
બળરૂપ તે ભગવાન છે, જે સ્વામી કહીએ સર્વના." ૨

"એનીજ શકિતથી જગત્, સર્જાય ને પોષાય છે,
એમાંજ લય પામે સદા, એની મ્હને અહિં સ્હાય છે." ૩

તેથી તમો પણ આસુરી, ભાવોતણો ત્યાગજ કરી,
હરદમ ભજો ભગવાનને, સાચી હૃદય ભક્તિ ધરી. ૪

"નહિ જીતાયેલ મન સમો, શત્રુ અન્ય ન એક,
કારણકે દુર્બુદ્ધિથી, ગાઢો એને નેક." ૧
"જ્ઞાનીને સંસારમાં, શત્રુ-મિત્ર ન કોય,
કારણકે એને સદા, સર્વે સરખાં હોય." ૨

× × × ×

ત્યારે કહે અસુરેશ કે, હે મૂર્ખ! આ તું શું બકે?
મારા અગાડી કોઇનું, કૈં પણ નહિ ચાલી શકે. ૧
મારા વિના ઇશ્વર બીજો, જે તેં કહ્યો તે કયાંજ છે?
પ્રહ્લાદ કહે કે હે પિતા! જ્યાં જ્યાં જુઓ ત્યાં ત્યાંજ છે. ૨

"જો એમ તો આ સ્થંભમાં,
તે કેમ દેખાતો નથી?"

"તે સ્થંભમાં પણ છે, છતાં પાપીથી પરખાતો નથી." ૩
"હે દુષ્ટ! આ કુબુદ્ધિમાં, તારૂં જીવન ખોઈશ તું,
કેવો ઉગારે છે તને, તે સર્વ અહિં જોઈશ હું." ૪

× × × ×

એમ કહી નિજપુત્રને, દીધું દુઃખ અપાર,
પણ શ્રીહરિના ભક્તને, આંચ ન આવી લગાર. ૧
કૂદકો મારી મુષ્ટિથી, સ્થંભને કર્યો પ્રહાર,
સ્થંભ તૂટયો ઘૂટયો ધ્વનિ, ચૌદભૂવન રણુંકાર. ૨

× × × ×

સર્વ વિષે વ્યાપકપણું, તે સિદ્ધ કરવા કાજ,
તુર્તજ ત્યાં પ્રગટયા પ્રભુ, ભક્તોના શિરતાજ. ૩

નૃસિંહરૂપ હરિએ ધર્યું, મહાભયંકર જેહ,
જોતાં પોતે કાળ પણ, બ્હીએ નહિ સંદેહ. ૪
× × × ×
જોઈ અજાયબ રૂપ આ, હિરણ્યકશિપુ હસ્યો,
જાણો જરૂરકે ત્યારથી, તે દૂષ્ટનો દહાડો ખસ્યો. ૧
પોતે કહે છે કે અહો, વિચિત્ર પ્રાણી આ કયું ?
માનવ નહિ પશુ પણ નહિ, આશ્ચર્ય એના મન થયું. ૨
એ એમ વિચારેજ ત્યાં,
નૃસિંહ આવીને ઉભા,
પણ એ જરા ડરીયો નહિ, ઉલટા કરે એ મનસુબા. ૩
"માયાવી હરિએ આ રીતે, હણવો મ્હને ધાર્યો હશે,
પણ એથી વળવાનું ન કૈં, ઉલટોજ એ માર્યો જશે." ૪
એમ કહી લઈને ગદા, ધસ્યો મહાસુર ત્યાંય,
હરિ સામે પણ શું વળે, સાક્ષાત્ શક્તિ જ્યાંય. ૧
"જાણી જોઈ પતંગીયું, અગ્નિમાં બળી જાય,
તેમજ પાપી જીવ પણ, હાથે કરી–હોમાય." ૨
× × × ×
નૃસિંહની સામે જઇ, દૂષ્ટે ગદાને વાપરી,
તત્કાળ પકડી સ્વામીએ, નિજકાખમાં દાબ્યો અરિ. ૧
પણ યુક્તિથી છટકયો અસુર, જ્યારે હરિના હાથથી,
ત્યારે સુરાદિ સૌ કહે, માર્યો ન મરશે નાથથી. ૨
જો એમ થાશે તો પછી,
સ્થિતિ થશે શું આપણી ?
નિશ્ચય ઉગરશું કોઈ નહિ, મનમાં ભીતિ થઈ આ ઘણી. ૩
ભગવાનને ભયમાં પડયા, જાણી અસુર આવ્યો ફરી,
હણવા હરિને હાથમાં, તલ્વાર ને ઢાલજ ધરી. ૪

વળખાં બહુ મારી ચૂકયો, પણ વળ્યું નહિ તલભાર,
એકે યુક્તિ ન ચાલતાં, મનમાં થયો લાચાર. ૧
હરિએ ઉંચા સ્વરથકી, હાસ્ય કરી ભરપૂર,
આંખ મીંચી મહાવેગથી, પકડી લીધો અસુર. ૨

× × × ×

અંદર નહિ કે બ્હાર નહિ, પૃથ્વિ નહિ કે નભ નહિ,
નરરૂપ કે પશુરૂપ નહિ, રાત્રિ નહિ કે દિન નહિ. ૧
સાથળ ઉપર લઈ દૈત્યને, ઉભા સભાના દ્વારમાં,
નખથી ચીરી નાખ્યોજ ત્યાં, શાંતિ થઈ સંસારમાં. ૨
તેને પછી ફેંકી દઈ,
તેનાજનોને મારીયા,
કરૂણા કરીને કેશવે, નિજભક્તજનને તારીયા. ૩
નૃસિંહરૂપના ક્રોધથી, આકાશ આખું ખળભળ્યું,
પાતાળ પણ ત્રાસી જતાં, હરિનું હૃદય કૈં ના ગળ્યું. ૪
તે પછી સિંહાસન ચઢી, બેઠા શ્રીભગવાન,
પાસે કોઈ ન જઈ શકયું, જોઈસ્વરૂપ મહાન. ૧
એ રીતે ત્રણુલોકને, શિરના તાવ સમાન,
હિરણ્કશિપુને હણ્યો, દયા કરી ભગવાન. ૨

× × × ×

તે જાણી દેવોની સ્રીએ, હરિ પર સુમન વૃષ્ટિ કરી,
વાગ્યાં દુદુંભિ વ્યોમમાં, વ્યાધિ થઈ સૌની પરી. ૧
અજ ઇંદ્ર શંકર આદિ સૌ, દેવો પધાર્યા પ્રેમથી,
આનંદસાગરમાં ડૂબ્યા, સર્વે–છૂટા થઈ વ્હેમથી. ૨

ભગવાનથી થોડેજ દૂર,
ઉભા રહી સ્તુતિ કરે,
વિધ વિધ રીતે–બહુ ભાવથી, ભગવાન અંતરમાં ધરે. ૩
કારણ ભયંકર રૂપથી, બ્રહ્માદિ દેવો પણ ડરે,
હિંમત ન ચાલે કોઈની, પાસે જતાં મન થરથરે. ૪

લક્ષ્મીજીને મોકલ્યાં, તોપણ ગયાં ન પાસ,
ત્યારે બ્રહ્મા બોલીયા, અંતર ધરી હુલ્લાસ. ૧
ભક્તપ્રવર પ્રહ્લાદ ! તું, કર શ્રીહરિને શાંત,
'બહુ સારૂં' કહીને ઉઠયો, છોડી મન કલ્પાંત. ૨

× × × ×

ધીમે ધીમે જઈ કર્યાં, પ્રણામ જોડી હાથ,
શિરપર હસ્તકમળ ધરી, તુર્તજ રીઝયા નાથ. ૩
હસ્ત કમળના સ્પર્શથી, ઉપજ્યું નિર્મળ જ્ઞાન,
ભાવભીનું હૈયું થતાં, ભેટયા શ્રીભગવાન. ૪

× × × ×

"નિર્મળ નયનમાં પ્રેમનાં, ચોધાર આંસુડાં વહે,
રોમાંચ થાતાં હર્ષનાં, હૈડે વિકારો ક્યાં રહે ?" ૧
" આનંદમય જીવન વિષે, એને ઉપાધિ થાય નહિ,
જો થાય તો એ ભકતનો, મહિમા કદિ ગવરાય નહિ." ૨
" જ્યાં જ્યાં જુએ ત્યાં ત્યાં બધે,
દર્શન હરિનું થાય છે,
એથીજ એ નાચે કૂદે, ને ભાન ભૂલી જાય છે." ૩

પ્રહ્લાદ મનની વૃત્તિને, સ્થાપી પ્રભુના ચર્ણમાં,
ગદ્ગદ્ મધુર વાણીવડે, સ્તુતિ કરે હરિ ચર્ણમાં. ૪

× × × ×

પદ ૧૨

જય જય પ્રભો! પુણ્યશ્લોક! જય જય અસુરારિ!
વિગત હર્ષ વિગત શોક, જગહિત તનુધારી.........ટેક.
અજર અમર કામ અકામ,
ગુણ રહિત પ્રભો! ગુણ ધામ, (૨)
ભજે અજાદિ દેવ તમામ, ભજે સ્વયં ત્રિપુરારિ...જય જય. ૧
અરૂપ રૂપ નામ અનામ,
અખિલ વિશ્વ વ્યાપક રામ, (૨)
મન–મતિ પર પરમ ધામ, પહોંચે શું વાણી બિચારી?...જય જય. ૨
ભક્તના કાજ સજીને સાજ,
રાખો છો લાજ હે મહારાજ! (૨)
મધ દરિયે ડૂબે મમ જહાજ, જીવણ લેશો ઉગારી...જય જય. ૩
હે જગનાથ! હું છું અનાથ,
કૃપા કરી ગ્રહો મમ હાથ, (૨)
શંકરને ન અન્યનો સાથ, વિનતી લેશો સ્વીકારી...જય જય. ૪

× × × ×

ભક્ત પ્રવર પ્રહ્‌લાદને, સ્તુતિ કરી એ રીત,
શ્રી નૃસિંહ ભગવાનને, રીઝવ્યા ધારી પ્રીત. ૧
પ્રસન્ન થઈને શ્રીહરિ, ત્યાગી ક્રોધ અમાપ,
બાળભક્ત પ્રહ્‌લાદને, કહેવા માંડયા આપ. ૨

× × × ×

પ્રસન્ન તારા પર થયો, હે બાળક મહાભાગ!
તેથી કૈં સંકોચ વિણ, ઈચ્છિત વર તું માગ. ૩
અસુરવર! તારૂં સદા, થાઓ અહીં કલ્યાણ,
યુગ યુગ તારા નામને, ગાઓ વેદ–પુરાણ. ૪

× × × ×

આ વિશ્વમાં દુર્લભ અતિ, દર્શન ખરેખર માહરૂં,
તો પણ તને આજે થયું, સદ્‌ભાગ્ય નક્કી તાહરૂં. ૧
"જો હોય પૂરાં પૂણ્ય તો, સદ્‌ભાવના સ્હેજે ફળે,
જો હોય શ્રદ્ધા પૂર્ણ તો, મોં માગ્યું આવીને મળે" ૨
"જો થાય દર્શન તો પછી,
કર્તવ્ય કાંઈ ના રહે,
આનંદ સાગરમાં સદા, એનું હૃદય રમતું રહે." ૩
"નિષ્કામ ભક્તિ ભાવથી, સ્હેજે પ્રસન્ન હું થાઉં છું,
જ્યાં જ્યાં કરે એ યાદ ત્યાં, ત્યાં તુર્ત દોડયો જાઉં છું." ૪

મ્હારા ભકતજનો કદિ, ક્યાંય ન દુઃખી થાય,
કારણકે કાયમ મળે, મ્હારી એમને સ્હાય. ૧
માટે હે પ્રહ્‌લાદ ! તું, જે જોઈએ તે માગ,
તુર્તજ હું આપું તને, મેળવ સુખ અથાગ. ૨

× × × ×

એ રીતે પ્રહ્‌લાદને, લલચાવ્યો બહુવાર,
પણ અંતર એ ભકતનું, ભીંજ્યું નહિ લગાર. ૩
ભક્તિ કલ્પતરૂ તળે, ભક્ત ભૂખ્યો નવ હોય,
એથી એના આત્મને, છેડી શકે ન કોય. ૪

× × × ×

તત્કાળ પ્રભુના ચર્ણમાં, વંદી સવિનય એ કહે,
"હે નાથ ! કાયમ આપનું, દર્શન મને થાતું રહે." ૧
આ એક વસ્તુ હું ચહું, ઈચ્છા બીજી છે નહિ મ્હને,
અંતરતણા જ્ઞાતા પ્રભો ! ઝાઝું કહું શું આપને ? ૨
"હે નાથ ! વરદાનો બધાં, સંસારના બીજરૂપ છે,
તેમજ હરિના ભકતને, ડૂબાવનારો કૂપ છે." ૩

"સાચા હરિના ભકત તે, વરદાનને ચ્હાતા નથી,
ભક્તિ સુધાના ભોગી તે, શબ્દાદિ વિષ ખાતા નથી." ૪

× × × ×

હે હરિ આપના ચર્ણમાં, કોટીવાર પ્રણામ,
એમ કહી પ્રહ્‌લાદજી, ઉભા બની નિષ્કામ. ૧
પૂર્ણ કૃપા કરી ભકતપર, કહે નૃસિંહ ભગવાન,
કોઈ ભકત થયો નહિ, જગમાં તુંજ સમાન. ૨
આ લોક કે પરલોકની, જો કે ન ઇચ્છા છે તને,
તો પણ કહું તે રીત રહી, શિર ધાર મ્હારા શબ્દને.
આ એક મન્વંતર સુધી, તું દૈત્યનો રાજા થઈ,
ભોગવ જગત્‌ના ભોગ સૌ, આસક્તિને છોડી દઈ. ૨
કરજે યજન મ્હારૂં સદા,
મમ મૂર્તિને મનમાં ધરી.
કરજે શ્રવણ મ્હારી કથા, વૃત્તિ હરિરસથી ભરી. ૩
આખર તજી આ દેહને, પામીશ નિશ્ચય તું મ્હને,
શંકા ન એમાં કાંઈ છે, સાચું કહું છું હું તને. ૪
એમ કહીને શ્રીહરિ, રહ્યા ઘડીભર શાંત,
ત્યારે શ્રીપ્રહ્‌લાદજી, બોલ્યા તજી મન ભ્રાંત. ૧
સચરાચર વ્યાપક પ્રભો? વિનવું જોડી હાથ,
કૃપા કરી મમ તાતને, મુક્તિ દેશો નાથ! ૨

× × × ×

અન્ય નહિ ઇચ્છા મ્હને, દર્શન ઇચ્છું નિત,
કારણ દર્શન માત્રથી, અંતર થાય પુનિત. ૩
ઇચ્છા જાણી ભકતની, બોલ્યા શ્રીભગવાન,
ધન્ય ધન્ય હે બાળ! તું, મ્હારો ભકત મહાન. ૪

એકવીસ પૂર્વજ સાથ તુંજ, પિતા પવિત્ર થયોજ છે,
કારણ તું જેવા ભકતને, અવતાર આંહિ થયો જ છે. ૧
" જ્યાં જ્યાં હરિના ભકતજન, હરિની દયાથી અવતરે,
ત્યાં ત્યાં ચતુર્વિધ મુક્તિ પણ, તેડયા વિના આવી ઠરે." ૨
મ્હારા શરીરના સ્પર્શથી,
તુજ તાત શુદ્ધાત્મા થઇ,
પામ્યોજ ઉત્તમ લોકને, દાનવ શરીર છોડી દઇ. ૩
ઉત્તરક્રિયા એની હવે, પ્રહ્‌લાદ ! કર તું પ્રેમથી,
આખર મળીશ આવી મને, એમાં જરા સંશય નથી. ૪

× × × ×

મ્હારામાં મન સ્થાપીને, સઘળાં કર્મો કર,
જેથી ભવબંધનતણો, રહેશે નહિ કૈં ડર. ૧
એમ કહી નિજભકતને, શ્રીનૃસિંહ ભગવાન,
પોતે નિજમાયાવડે, થઇ ગયા અંતર્ધાન, ૨

× × × ×

ધન્ય ધન્ય પ્રહ્‌લાદ તું, ધન્ય તારૂં દૃઢધ્યાન,
કેવળ ભક્તિભાવથી, વશ કરીયા ભગવાન. ૩
શાસ્ત્ર વિહિત સાધન વિષે, સૌથી ભક્તિ શ્રેષ્ટ,
શંકર શ્રીહરિભકતનું, કદિ ન થાયે નેષ્ટ. ૪

—શ્રી પ્રહ્લાદાખ્યાન—

સમાપ્ત

❋ શ્રી ગજેન્દ્રાખ્યાન ❋

મંગલાચરણ

જય જય હરિ દીન દયાળ! જય જય શ્રી મુરારિ!
જય જય પ્રભો કૃષ્ણ કૃપાળ! જય જય ગિરિધારી! ટેક.
અજર અમર નાથ આપ,
ભજતાં થાય સુખ અમાપ, (૨)
ટળે છે તાપ બળે છે પાપ, મૂરતિ આનંદકારી...જય જય. ૧
ધરીને ધ્યાન માગું હું જ્ઞાન,
દયા કરી તમે દ્યો ભગવાન, (૨)
લખું હું શ્રીગજેન્દ્રાખ્યાન, પૂરણ પ્રેમ ધારી...જય જય. ૨
પશુ છતાં લઈ હરિનામ,
આવ્યો છે જે આપના ધામ, (૨)
મનની કામ પૂરી તમામ, ઝૂડ વળગ્યો ભારી...જય જય. ૩
અજબ કામ અજબ રીત,
અજબ શ્યામ અજબ પ્રીત, (૨)
ચરણ કમળ એક ચિત્ત, શંકર સુખકારી...જય જય. ૪

× × × ×

આવૃત ક્ષીર સમુદ્રથી, ગિરિવર ત્રિકૂટ નામ,
દશ હજાર યોજન ઉંચો, વિસ્તૃત-એમ તમામ. ૧
રજત-લોહ-હીમનાં શિખર, આપે દિવ્ય પ્રકાસ,
સર્વ પ્રકારે શોભતો, જાણે શ્રીહરિવાસ. ૨

ગિરિવર ત્રિકૂટની ખીણમાં, ઋતુમત વરૂણ ઉદ્યાન છે,
દેવાંગનાઓને ક્રીડા, કરવાતણું એ સ્થાન છે. ૧
મંદાર પારિજાત વડ, આંબા ફણસ આદિ તરૂ,
શોભા અજબ આપી રહ્યાં, વર્ણન કહો કયી રીત કરૂં? ૨

સુંદિર સરોવર એક ત્યાં,
જ્યાં દેવ પણ ન્હાવા ચહે,
સુંદિર કમળથી શોભતું, ગંધર્વ ગીત ગાવા ચહે. ૩
જ્યાં રાત ને દિવસ ભ્રમર, ગુંજારવો કરતા રહે,
સારસ બપૈયા આદિ પણ, લ્હાવા જીવનના ત્યાં લહે. ૪.

× × × ×

જળ જળચર સંચારથી, પદ્મપરાગથી યુકત,
અનુપમ દૃશ્ય નિહાળીને, મોહી જાય વિમુકત. ૧
જાઇ જુઇ ને માલતી, વેલી વિવિધ પ્રકાર,
ઉગી સરોવર કાંઠડે, શોભાનો નહિ પાર. ૨.
ગિરિવર ત્રિકૂટના વનવિષે, ગજરાજ ત્યાં રહેતો હતો,
પ્રેમાંધ થઈ પશુયોનિનાં, સુખ સર્વ ભોગવતો હતો. ૧
સિંહ વાઘ ગેંડા આદિ પણ, જે સર્વ શિકારી પશુ,
ગજરાજથી ડરતાં ઘણાં, ચાલે ન કોઈનું કશું. ૨
કેવળ વરૂ આદિ જીવો,
નિર્ભય બની ફરતાં હતાં,
જેના ઉપર એની દયા, તેઓજ ત્યાં ઠરતાં હતાં. ૩
ગજરાજને ઈશ્વર વિના, બીજાની બ્હીક હતી નહિ,
એથી જ એની વૃત્તિઓ, કદિએ અશાંત થતી નહિ. ૪.

× × × ×

એક સમય ગજરાજ એ, પેલા સરોવર તીર,
નિજ યુથ સહ પોતે ગયો, પીવા નિર્મળ નીર. ૧
મદોન્મત થઈ ચાલતાં, તોડયાં વૃક્ષ અનેક,
રસ્તામાં જે આવીયું, તે તો બચ્યું ન એક. ૨

સુંદિર સરોવરમાં જઈ, જલ સ્નાન ગજરાજે કીધું
થઈ શ્રમ રહિત પરિવાર સહ, અમૃત સમું પાણી પીધું. ૧
નિજ સૂંઢમાં પાણી ભરી, નવડાવે નિજ પરિવારને,
સંસારી પેઠે અંધ થઈ, છેકજ ભૂલ્યો કિરતારને. ૨
જો કે હતો સંસ્કારી પણ,
અજ્ઞાનમાં ક્યાંથી સુઝે ?
કારણ સુભાગ્યોદય વિના, સદ્વસ્તુને કો' ના બુઝે. ૩

"જ્યાં જ્યાં અને જેવી રીતે, ભાવિ રમત ભજવાય છે,
ત્યાં ત્યાં અને તેવી રીતે, માનવ હૃદય પલટાય છે." ૪

" શાસ્ત્રો પુકારી કહે, થાવાનું તે થાય,
ભાવિ આગળ કોઇનું, ચાલે નહિ જરાય." ૧
" દેવો પણ જ્યાં ડોલતા, ત્યાં માનવ કોણ માત્ર ?
ભાવિએ તો સર્વનાં, ઢીલાં કરીયાં ગાત્ર." ૨

× × × ×

પદ ૧

કાંઈ ડહાપણ ન ચાલે કોઈનું ત્યાં,
નિજ પાઠ ભજવી રહ્યું ભાવિ જ્યાં...કાંઈ. ટેક.
ભાવિ તો બ્રહ્માદિને ભૂલવે,
તો પછી વળખાં મારે કાં ? કાંઈ...૧
દેવ ભૂલ્યા દાનવ પણ ભૂલ્યા,
તો પછી જીવનાં લેખાં શાં ? કાંઈ...૨
થાવાનું તે થાય જરૂર તો,
હૈડે હરખ-શોક ધરવાં શાં ? કાંઈ...૩
શંકર હરિ-ગુરુ-સંતની સેવા,
એથી અધિક પદ વરવાં શાં ? કાંઈ...૪

× × × ×

પરિવારના પ્રેમમાં, ગાંડો થઇ ગજરાજ,
કરવા માંડયો જલક્રીડા, છેકજ છોડી લાજ. ૧
તેવામાં ત્યાં આવીને, ઝુડે પકડયો પગ,
"ભાવિ જ્યાં પલટાય ત્યાં, કોની ચાલે વગ?" ૨

× × × ×

પડતાં ખબર ગજરાજને, રમવાનું તે ભૂલી ગયો,
નિજબળતણા અભિમાનથી, મનમાં બહુ ફૂલી ગયો. ૧
બહુ જોર કરી બળ વાપર્યું, છૂટવા ભયંકર ગ્રાહથી,
પણ ભાવિ રૂઠે જેમનું, તેઓથી કૈં વળતું નથી. ૨

"કમભાગીના કોટિ ઉપાયો,
કામમાં આવે નહિ,"
વળખાં બહુ મારી ચૂકે, પણ કોઈ રીત ફાવે નહિ. ૩
ગજરાજ ખેંચે બ્હાર તો, ઝૂડ જળવિષે લઇ જાય છે,
બેઉ ભયંકર પ્રાણીનું, મહાયુદ્ધ જળમાં થાય છે. ૪

જોઈ પતિને દુઃખમાં, હાથણી કરે વિલાપ,
કયા જન્મનાં જાગીયાં, ઘોર અમારાં પાપ. ૧
અંતર્યામી હે પ્રભો! ચઢો અમારી વહાર,
દયા ધરી અમ નાથનો, શીઘ્ર કરો ઉદ્ધાર. ૨

પદ ૨

વ્હાલાજી! વ્હેલા આવોરે, કૃષ્ણ મુરારિ!
બૂડતાને ઝાલી બચાવોરે, કૃષ્ણ મુરારિ!...ટેક...
વ્હાલાજી! આજે ઓચિંતી આવી ઉપાધિ,
પાપે તક લીધી સાધીરે, કૃષ્ણ મુરારિ!...વ્હાલાજી...૨
વ્હાલાજી! મોહ ગ્રાહે મનગજના પગને પકડયો,
ખૂબ જોર કરીને જકડયોરે, કૃષ્ણ મુરારિ!...વ્હાલાજી...૨

વ્હાલાજી ! અમને એકે સુઝે નહિ બારી,
ભવજળથી લ્યોને તારીરે, કૃષ્ણ મુરારિ !...વ્હાલાજી...૩
વ્હાલાજી તમે શંકરદાસના સ્વામી,
એકજ છો અંતરયામી રે, કૃષ્ણ મુરારિ !...વ્હાલાજી...૪

× × × ×

વિનતી કરીને હાથણી, ઉભી રહી ધરી ધ્યાન,
એ વિષે વૈકુંઠમાં, વિચારે શ્રી ભગવાન. ૧
ગજયુથ પણ છેટું રહી, રડે–વળે નહિ કાંઈ,
એક હજાર વરસ વિત્યાં, એમજ જળનીમાંહિ. ૨
આશ્ચર્ય પામ્યા દેવ સૌ, જોઈ લડાઈ આમની,
કોઇથી નહિજ કળાય છે, એવી લીલા શ્રીરામની. ૧
લાંબા સમય યુદ્ધ ચાલતાં, ગજરાજ બહુ થાકી ગયો,
તન મન અને ઇંદ્રિયની, શક્તિતણો નાશજ થયો. ૨
જળમાંજ જન્મી જળવડે,
જીવન ટકયું છે જેહનું,
તે ગ્રાહ ઉલટો જોરમાં, આવ્યો વધ્યું બળ તેહનું. ૩
બહુ બળ કરી બળહીન કર્યો, ગજરાજને તેણે તહિં,
“દુર્ભાગ્ય આગળ દેવનું, પણ કાંઇ ઉપજે છે નહિ.” ૪
“હાજી હા સૌએ કહે, જ્યાંસુધી સુખ હોય,
દુઃખના દહાડા આવતાં, ઉભું રહે ન કોય.” ૧
દેહાદિક તાજાં રહે, જ્યાંસુધી મળે આહાર,
ભૂખ ને દુઃખમાં કોઈ પણ, કામ ન આપે લગાર. ૨

× × × ×

પદ ૩

જ્યારે ફરે છે તકદિર, ત્યારે જગત્ ફરે છે,
વ્હાલાં બનીને વૈરી, ઉલટી પીડા કરે છે.

જેના ઉપર જીવનનો,
આધાર ને ભરૂંસો,
તે પણ બનીને બેદિલ, ઉલટું બળી મરે છે,
સદ્ભાગ્યના સમયમાં,
સૌ દોડતાંજ આવે,
દુર્ભાગ્યના દિવસમાં, મળતાં બહુ ડરે છે.
કોટિ ઉપાય કરતાં,
કિસ્મત નહિજ છોડે,
જાણે છતાંય જીવો, ફોગટ મથી મરે છે.
સોંપી બધું પ્રભુને,
નિશ્ચંત થઇને ફરવું,
શંકર સદાય એવું, અંતર મહિં ધરે છે.

× × × ×

જેના ડરથી વન ધ્રુજે, ધ્રુજે ભલા દરિયાવ,
આજે એ ગજરાજનો, કોઈ ન પૂછે ભાવ. ૧
છેટાં રહી સ્નેહી જુએ, કોઈ ન આવે પાસ,
કારણ કે કમભાગ્યનો, તારો ખરીયો ખાસ. ૨

× × × ×

વનના વિહારી ગજેન્દ્રને, જળમાંહિ શું ખાવા મળે?
પળ પણ છૂટો મૂકે ન ઝૂડ, માથાં પછાડે શું વળે? ૧
જ્યારે ન જોયું કોઇ પણ, છોડાવનારૂં ગ્રાહથી,
ત્યારે પછી ગજરાજનું, પલટયું હૃદય દુઃખદાહથી. ૨
તેણે વિચાર્યું કે હવે,
હરિશર્ણ લેવું ઠીક છે,
"જ્યાં મૃત્યુના પણ મૃત્યુની, જરીએ નહિ કૈં બ્હીક છે." ૩

ઈશ્વર વિના મહાદુઃખથી, છોડાવનારૂં કો' નથી,
માયાતણી મહાજળને, તોડાવનારૂં કો' નથી." ૪

આમ વિચારી હાથીએ, હૈયે રાખી હામ,
સ્તુતિ કરી શ્રીવિષ્ણુની, છોડી કામ તમામ. ૧
પૂર્વે શિખેલ સ્તોત્રનો, અહિં કરી ફરી જાપ,
સર્વ પ્રકારે જીવ એ, બની ગયો નિષ્પાપ. ૨

× × × ×

પદ ૪

શ્રીહરિ! મ્હારે શરણું એકજ આપનું,
આપ વિના બીજો નહિ કો' આધાર જો,
કારણ રૂપે આપ રહ્યા છો સર્વમાં,
ચર્ણ કમળમાં વંદું વારંવાર જો...શ્રીહરિ...ટેક.

× × × ×

આપ વડેજ જગત્ દિસે ચૈતન્યમય,
આપજ સૌના આદિ કારણરૂપ જો,
મહાપાપી હું પશુયોનિનો 'જીવ છું,
જાણી જોઈ ડૂબ્યો ભવજળ કૂપ જો...શ્રીહરિ...૨

× × × ×

આપ વડે ઉત્પન્ન થઈ આપવડેજ આ,
પોષાઈ રહ્યો છે સઘળો સંસાર જો,
અંત સમય પણ આપ વિષે આવી મળે,
આપજ ભક્તજનોના તારણહાર જો...શ્રીહરિ...૩

× × × ×

હુંપદ વશ થઈ હણીયા કોટિ જીવ મેં,
દયા કરી નહિં કોઈ ઉપર તલભાર જો,
સ્વપ્ને પણ સમર્યા નહિ સ્વામી આપને,
તોપણ આપ છો દયાતણા ભંડાર જો...શ્રીહરિ...૪

દુઃખીયારાના દોષ તમે જોશો નહિ,
સર્વ પ્રકારે પાપી હું લાચાર જો,
આવી વેળાએ જો આપ ન આવશો,
તો કયી રીતે થાશે મમ ઉદ્ધાર જો...શ્રીહરિ...૫

× × × ×

સગાં સંબંધી સંકટમાં છેટાં રહે,
પામર જીવના પાસે શું હથિઆર જો,
દૈવની આગળ ડહાપણ ચાલે ન કોઇનું,
કારણ એના વશ સારો સંસાર જો...શ્રીહરિ...૬

× × × ×

સર્વ દિશાથી સળગ્યો છે દવ શ્રીહરિ!
અંતર મ્હારૂં અથાગ ઉકળ્યું જાય જો,
બહુયે ફાંફાં મારી ચૂક્યો હું છતાં,
આજે એકે ચાલ્યો નહિ ઉપાય જો...શ્રીહરિ...૭

× × × ×

અનેક રીતે વેદ સ્તવે છે આપને,
આપજ સર્વ પ્રકારે શક્તિમાન જો,
મૂઢમતિ હું ગુણ શું ગાઉં આપના,
પામર જીવમાં હોય શું ભક્તિ–જ્ઞાન જો...શ્રીહરિ.. ૮

× × × ×

અંતર્યામી! જાણી અંતર દુઃખને,
વ્હેલા આવી કરજો મ્હારી વહાર જો,
એક ઘડી પણ લાગે યુગના જેવડી,
માટે વ્હાલા કરશો ના કૈં વાર જો...શ્રીહરિ...૯

× × × ×

આપ વિના કોઇ મ્હારૂં બેલી નહિ,
આપજ મ્હારા અંતરના આરામ જો,

શંકરના સ્વામી હે કૃષ્ણકૃપાનિધિ !
ચર્ણ કમળમાં કોટિવાર પ્રણામ જો...શ્રીહરિ...૧૦

× × × ×

એ રીત મૂર્તિ અભેદથી, ગજે કર્યો પુકાર,
ભેદમતિ બ્રહ્માદિ કો', થયા નહિ તૈયાર. ૧
આર્તનાદ સુણી હરિ, થઇ ગરૂડપર સ્વાર,
ચક્રલઈ દેવો સહિત, પ્રગટયા ત્યાં તે વાર. ૨
જોયા ગગનથી આવતા, જ્યાં ચક્રધારી શ્યામને,
ગજરાજ મન રાજી થયો, જાણી સફળ નિજ કામને. ૧
લઇ પદ્મ સૂંઢ ઉંચી કરી, દુઃખસહ હરિસ્તુતિ કીધી,
હે નાથ ! આપે આવીને, મમ નાવડી તારી લીધી. ૨
વંદું કરોડો વાર હું,
દીનપર દયા કરજો સદા,
ભવસિંધુથી તારી મ્હને, લેજો શરણમાં સર્વદા. ૩
હે શ્યામ સુંદિર ! આપનો, મહિમા અકથ્ય અપાર છે,
વર્ણન ન થાયે વાણીથી, જ્યાં બુદ્ધિની પણ બહાર છે. ૪

× × × ×

સ્તુતિ સુણી ગજેન્દ્રની, પ્રસન્ન થયા ભગવાન,
ગજેન્દ્રને ઘનશ્યામનું, લાગ્યું અંતર તાન. ૧
" દયાનિધિની શી દયા, પશુની પણ કરી વહાર,
મુક્ત કરી મહાગ્રાહથી, શીઘ્ર કર્યો ઉદ્ધાર." ૨
સ્વીકારી સેવ ગજેન્દ્રની, સંપૂર્ણ આશ્વાસન દીધું,
ઝડમુખ ચીરીને ચક્રથી, નિજભક્તનું દુઃખ દૂર કીધું. ૧
નિજભક્ત સાથે ઝડને, પણ તેમણે તારી લીધો,
પાર્ષદ બનાવી ભક્તને, ગંધર્વરૂપ ઝૂડને કીધો. ૨

મહાગ્રાહ ધરી ગંધર્વરૂપ,
ગજરાજનો ઋણી થયો,
સ્તુતિ કરી શ્રી વિષ્ણુની, નિજસ્થાનમાં ચાલ્યો ગયો. ૩

વાગ્યાં દુદુંભિ વ્યોમમાં, દેવે સુમનવૃષ્ટિ કરી,
નિજભક્તને લઈ સાથમાં, વૈકુંઠ પધાર્યા શ્રીહરિ. ૪

× × × ×

દેવલ ઋષિના શાપથી, હુહુ[1] થયો ઝૂડરૂપ,
ગજ–ગજપતિની મ્હેરથી, પામ્યો મૂળસ્વરૂપ. ૧

ઇંદ્રદ્યુમ્ન[2] ગજ થયો, અગસ્તમુનિનો શાપ,
પાર્ષદ બની વૈકુંઠ ગયો, શ્રીહરિ ભક્તિ પ્રતાપ. ૨

× × × ×

તોપછી માનવના વિષે, શંકા કેમ કરાય,
શ્રદ્ધાસહ હરિભક્તિથી, ભવજળ સહજ તરાય. ૩

ગાય શિખે ને સાંભળે, ગજેન્દ્રનું આખ્યાન,
શંકર સર્વ પ્રકારથી, સ્હાય કરે ભગવાન. ૪

—શ્રી ગજેન્દ્રાખ્યાન—

સમાપ્ત

૧–હુહુ નામનો ગંધર્વ. ૨–દ્રાવિડદેશનો એક રાજા.

❋ અજામિલાખ્યાન ❋

મંગલાચરણ

જય યદૂનંદન ! કંસનિકંદન ! જય શ્રીકૃષ્ણ કૃપાળુ રે,
જય શ્રીકૃષ્ણ કૃપાળુ, પ્યારે ! જય શ્રીદીન દયાળુ રે,
જય યદૂનંદન......ટેક...

જ્યાં જ્યાં જોઉં ત્યાં ત્યાં સઘળે, આપની મૂર્તિ ન્યાળું રે,
એજ અભિલાષા અંતરની, ઉઘાડો અંતર તાળું રે,
જય યદૂનંદન.........

દેહ અને દુનિયાની માયા, એમાં સાર ન ભાળું રે,
વિશુદ્ધ પ્રેમની વાટે જાતાં, નડે જડતાનું જાળું રે,
જય યદૂનંદન.........

અલખ નિરંજન ભવભીડભંજન, ધ્યાન ધરી ભય ટાળું રે,
પણ જો દોષ ટળે અંતરના, તો થાયે અજવાળું રે,
જય યદૂનંદન.........

સર્વ પ્રકારે પાપી હું પણ, આપ ઉપર શ્રદ્ધાળુ રે,
શંકર શ્રીહરિ ચર્ણ કમળમાં, અંતર દૃષ્ટિ ઢાળું રે,
જય યદૂનંદન.........

× × × ×

મંગલમય શ્રીહરિતણું, ધરી હૃદયમાં ધ્યાન,
ભક્ત અજામિલ વિપ્રનું, આજ કહું આખ્યાન. ૧
કાન્ય કુબ્જ નગરી વિષે, વિપ્ર અજામિલ એક,
કેવળ નામોચ્ચારથી, પહોંચ્યો પ્રભુપદ છેક. ૨
નિજસુત નારાયણતણું, મરતાં લીધું નામ,
તોપણ પ્રભુએ તારીયો, કેવું અદ્ભુત કામ ? ૩
"પૂર્વ જન્મના પુણ્યથી, પ્રગટે ભક્તિ–ભાવ,
પણ જો થાય હરિકૃપા, તોજ તરે નિજ નાવ." ૪

અજામિલ ભક્ત શ્રીહરિનો, હતો પહેલા સદાચારી,
નીતિ ને ધર્મમાં નિષ્ઠા, હતી પહેલા બહુ સારી. ૧
સદાયે તૃપ્ત તે રહેતો, મળે જે ભાગ્યવશ એમાં,
ક્ષમાદિ ગુણની છાયા, સરસ કૈં શોભતી તેમાં. ૨
ન વ્યસની કે વ્યભિચારી,
અગર પાગલ ન પણ કાંઇ,
પ્રખર જ્ઞાતા છ શાસ્ત્રોનો, પરમ શ્રદ્ધા શ્રુતિમાંહિ. ૩
રૂંવાટા માત્રમાં એણે, હરિની ભક્તિ સ્થાપી'તી,
પ્રણય જ્યોતિ જગાવીને, જીવનની ઝાંખ કાપી'તી. ૪
એ રીત સર્વ પ્રકારથી, હતો મહાગુણીજન,
પણ ભાવિએ ભૂલવ્યો, ત્યારે ફરીયું મન. ૧
"દૈવની આગળ દેવનું, ચાલે જ્યાં ન લગાર,
તો પછી ક્યાંથી ઉપજે, માનવનું તલભાર ?" ૨
× × × ×
એ એક દિન વનમાં ગયો, નિજ તાત આજ્ઞા શિર ધરી,
ફળ ફૂલ કાષ્ટાદિ લઇ, જ્યારે વળ્યો પાછો ફરી. ૧
ત્યારે દીઠો ત્યાં શૂદ્રને, વેશ્યાની દાસી સંગમાં,
રમતો મૂકી મર્યાદ તે, ચકચૂર બની મદ રંગમાં. ૨
દાસી હતી સુંદિર અને,
શણગાર ઠીક પ્હેર્યા હતા,
જેનું સ્વરૂપ જોઈ મહા, યોગીન્દ્ર પણ મોહી જતા. ૩
દારૂ પીને એ બેઉ જણ, ક્રીડા વિવિધ કરતાં હતાં,
રસ્તે જનારા લોકનાં, મન સ્હેજમાં હરતાં હતાં. ૪
જોઇ અજામિલ એમને, ઉભો રહ્યો ઘડીવાર,
કામાગ્નિ ઉત્પન્ન થતાં, ભૂલ્યો ધર્મ–વિચાર. ૧

સમજાવ્યું સમજ્યું નહિ, નિજ મન અતિકઠોર,
ડોળું ખાતાં દેહના, ગઢમાં પેઠા ચોર. ૨

× × × ×

પદ ૧

જીવની અધોગતિ કરનાર, કામાદિ વિકારો છે,
કામાદિ વિકારો છે, એમનો પંથ ન્યારો છે...જીવની...ટેક...
હરિ ગુણ નહિ એમને ભાવે,
કદિ ગાય નહિ ગવરાવે, (૨)
ઉલટા મનના ભરમાવે, એવો ધંધો પ્યારો છે...જીવની...૧
ચિત્તને ટાંગી ચગડોળે,
ઉપરથી વાયુ ઢોળે, (૨)
આખર ગળીમાં એ બોળે, એવો કાયમ ધારો છે...જીવની...૨
મન મોહનિશામાં ભટકે,
અઘટિત કરતાં નહિ અટકે, (૨)
પકડી પકડીને પટકે, જીવને કોણ સહારો છે?...જીવની...૩
એથી હરિભક્તિ ધારી,
શંકર સમરે શ્રીમુરારિ, (૨)
કામાદિની છાતી વિદારી, ત્યારે આવ્યો આરો છે...જીવની...૪

"કામાદિના સંગથી, ચંચળ બનીયું ચિત્ત,
હાથે કરી ગુમાવીયું, શ્રીહરિનામનું વિત્ત." ૧
"પુણ્યાદિ પરવારીયાં, પરવાર્યો સદ્ધર્મ,
પાપ વિચારો પ્રગટતાં, છેટે મૂકી શર્મ. ૨

× × × ×

નિજ ધર્મને ટાંગી ઉંચે, પુષ્પાદિ દૂર ફેંકી દીધાં,
હાથે કરી હૈયાકૂટે, દારૂણ દુઃખ માગી લીધાં. ૧

અંજાઈ દાસીના પ્રેમમાં, પરણેતને કાઢી મૂકી,
માતા પિતાના હેતને, પણ પાપીએ દીધું થુંકી. ૨
આઠે પ્રહર દાસી તણી,
મૂર્તિતણું ધ્યાનજ ધરે,
વ્હાલી પ્રિયાના વશ બની, અઘટિત કારજ આદરે. ૩
વિપરીત વર્તન જોઇને, સ્નેહી સગાં બહુયે કહે,
પણ કોઇનું નહિ સાંભળે, મદ મસ્તીમાં કાયમ રહે. ૪

"કામી સુણે ન કોઇનું, કદિ ન રાખે માન,
કારણ કે પરનારીનું, લાગ્યું તેને તાન." ૧
"પરનારીના પ્રેમમાં, જીવ ભૂલે નિજભાન,
એક ઘડી પણ અંધ એ, ભજે નહિ ભગવાન. ૨

× × × ×

જ્યાં ત્યાંથી ધન કૈં લાવીને, પ્રિય પત્નિના ચરણે ધરે,
બહુ ત્રાસ આપી લોકને, પરિવારનું પોષણ કરે. ૧
દાસીના ગંદા દેહમાં, મોહી મજાઓ ખૂબ કીધી,
નિજતાતની મિલ્કત બધી, એમાંજ ઉડાવી દીધી. ૨
દાસીથી દશ પુત્રો થયા,
સૌથી લઘુ નારાયણો,
સૌનાથી પણ એના ઉપર, આત્મા હતો એનો ઘણો. ૩
ખવડાવી પાછળ ખાય ને, મોં માગ્યું લાવી આપતો,
ખૂબ ખૂબ લાડ લડાવીને, એનીજ માળા જાપતો. ૪

નારાયણ વિના કદિ, પડે ન એને ચેન,
રાત દિવસ કાયમ રહે, પુત્ર પ્રેમનું ઘેન. ૧
પ્રભુ પર પ્રેમ રહ્યો નહિ, પુત્ર ઉપર બહુ હેત,
જાણી જોઈ ઘાણીમાં, પીલવા માંડયો રેત. ૨

પદ ૨

પ્રેમાંધ થઇ પરિવારમાં, પશુવત્ જીવન ગાળતો,
મિથ્યા સુખો રૂપ વારિ તે, મન ચારણીથી ચાળતો.
અંતરજગત્‌ની જાળમાં,
અંતર ફસાયું જેમનું,
જાણે છતાં ત્યાગે ન જે, જીવવું વૃથા છે તેમનું.
કાયા અમૂલ્ય મળી છતાં,
હરિને ભજ્યા નહિ જેમણે,
હું કોણ ? એ શોધ્યું ન તો, સર્વસ્વ ખોયું તેમણે.
પાપી જીવોનાં પાપી મન,
હરિભક્તિમાં ઠરતાં નથી,
કોટિ ઉપાયો યોજતાં, કામાંધ સુધરતાં નથી.
એથી હૃદય વાળી હવે,
અમૃત પીવું હરિનામનું,
શંકર સદા નિઃસ્પૃહ રહી, કરવું ભજન ઘનશ્યામનું.

× × × ×

" વ્યસની કે વ્યભિચારીનો, કરવો નહિ વિશ્વાસ,
કારણ કડવાં તુંબડાં, કદિ ન દે મીઠાશ." ૧
" પરવશ પડીયા જીવ તે, જાણો જીવતા પ્હાણ,
પોતાનું કે પારકું, કરે ન કૈં કલ્યાણ." ૨

× × × ×

એ રીત અઠયાશી વરસ, વિતી ગયાં પાપીતણાં,
બૂઢાપણાની ઑાખમાં, દેહાદિ ગભરાયાં ઘણાં. ૧
યુવાની ગઈ યૌવન ગયું, શક્તિ વિનાનું તન થયું,
જો કે બહુ તેણે કહ્યું, તોપણ ઘડી તે–ના રહ્યું. ૨

જ્યાં માન બહુ મળતું હતું, ત્યાં ભાવ કોઇ ના પૂછે,
દારૂણ દુઃખો વૃદ્ધાતણાં, પણ આંસુ કોઈ ના લૂછે. ૩
" જાણી બુઝી જગ જાળમાં, પડવાનું આ પરિણામ છે,
કારણ અવસ્થાઓ રહિત, નિજરૂપ આત્મારામ છે." ૪

× × × ×

સર્વ પ્રકારે પાપી એ, બની ગયો અસમર્થ,
તો પણ પ્રભુ ન સાંભર્યા, જીવન ગાળ્યું વ્યર્થ. ૧
તેવામાં છેકજ સમીપ, આવ્યો મૃત્યુકાળ,
યમદૂતોને દેખતાં, પડી પેટમાં ફાળ. ૨

× × × ×

પદ ૩

યમદૂતને દેખી ડરીયોરે, પાખંડી પ્રાણી,
પસ્તાવો પૂરો કરીયોરે, પાખંડી પ્રાણી.—ટેક.
વાંકા વાંકા મુખવાળા,
પાશધારી ત્રણ કાળા, (૨)
કરે કૈં વિચિત્ર ચાળારે, પાખંડી પ્રાણી...યમદૂતને...૧
અતિભીષણ રૂપ જોઈ,
પાપી પડયો તુર્ત રોઈ, (૨)
શુદ્ધિ-બુદ્ધિ સર્વ ખોઇરે, પાખંડી પ્રાણી...યમદૂતને... ૨
છેટે રમતો બાળ તહિં,
બોલાવ્યો બહુ ભાવ ગ્રહી, (૨)
"નારાયણ ! તું આવ અહિં" રે, પાખંડી પ્રાણી...યમદૂતને ૩
" નારાયણ " શબ્દ એવો,
સુણ્યો પાર્ષદગણે જેવો (૨)
કહે શંકર આવ્યા તેઓરે, પાખંડી પ્રાણી...યમદૂતને...૪

× × × ×

ખેંચે ખળના પ્રાણને, યમદૂતો જે ઠાર,
ત્યાં આવીને પાર્ષદે, અટકાવ્યા તે વાર. ૧
ત્યારે યમદૂત બોલીયા, કહો કોણ છો આપ ?
કેમ અમોને રોકતા, હે દેવો નિષ્પાપ! ૨

× × × ×

કુંડળ આદિ યુક્ત છો, સુંદિર સર્વપ્રકાર,
તેજોમય તન આપનાં, શોભે અપરંપાર. ૩
ધર્મતણા રક્ષક અમે, છતાં ન આપ સમાન,
કૃપા કરી સમજાવશો, કયું આપનું સ્થાન ? ૪

સુણી યમદૂતનું કહેવું, પ્રભુના પાર્ષદો બોલ્યા,
સમય સારો મળ્યો જાણી, હૃદયના તાર ત્યાં ખોલ્યા. ૧
અહો હે ધર્મના રક્ષક ! કહો છો ધર્મ હાં કોને ?
સ્વરૂપ શિક્ષાનું સમજાવો, કયી રીત થાય છે કોને ? ૨
પહેલા પૂછીએ તેનો,
તમો ઉત્તર અહિં આપો,
અગર મોંઢુ નીચું ઘાલી, તમારો માર્ગ ઝટ માપો. ૩
વિચાર્યા વિણ કરવામાં, જરૂરથી થાય પસ્તાવો,
વગર દુઃખે વગર પીડે, પીઓ શું કામ હાં કાવો ? ૪

યમદૂત કહે હે પાર્ષદો! “ વેદાજ્ઞા એ ધર્મ,
એથી અન્ય અધર્મ છે, ” જાણે કોઇક મર્મ. ૧
કારણકે “ વેદો સ્વયં, નારાયણ સાક્ષાત્,”
એમ અમોએ સાંભળ્યું, નિશ્ચયપૂર્વક તાત ! ૨

× × × ×

પદ ૪

ત્રિગુણાત્મ પ્રાણી પદાર્થના, ગુણ—નામ—ક્રિયા—રૂપતણું,
વ્યાખ્યાન વેદોએ કરી, રાખ્યું ન કૈં કહેવાપણું. ૧

સૂર શશિ અનલ નભ વાયુ સુર, સંધ્યા દિ રાત્રિ દિક્ તથા,
જળ પૃથ્વિ કાળ ને ધર્મ એ, જીવ કર્મ સાક્ષી સવથા. ૨
કર્માનુસારજ ફળ મળે, ત્યાં કોઈનું ચાલે નહિ,
સૌનું કર્યું સૌ ભોગવે, ત્યાં કોઇને સાલે નહિ. ૩
ક્ષણ એક પણ ક્રિયા વિના, કોઈ રહી શકતું નથી,
શંકર કહે હરિભક્તિ વિણ, કોઇ બચી શકતું નથી. ૪

" કર્મોના કરનારને, સત્વાદિનો સંગ,
તેના વશ થઇ તે કરે, ભાત ભાતના રંગ. ૧
કેશવની કરૂણા વિના છુટે ન માયાજાળ,
માયા બાધ કરે નહિ, જો શ્રીહરિ રખવાળ. ૨

× × × ×

સંસારના જીવ માત્રનો, ઈન્સાફ યમરાજા કરે,
કર્માનુસાર મળે સજા, જે કોઇથી પણ ના ફરે. ૧
આ પાપીએ પણ પાપ બહુ, અજ્ઞાનવશ થઈને કર્યાં,
કોટિજીવોના પ્રાણ લઈ, મહાપાપનાં ભાતાં ભર્યાં. ૨
પ્રેમાંધ થઈ વેશ્યા વિષે,
અઘટિત કાર્યો આદર્યાં,
જાણી બુઝીને જીવન પર, મળનાં બિછાનાં પાથર્યાં. ૩
એથીજ એને લઈ જશું, યમરાજના દરબારમાં,
જે યોગ્ય તે શિક્ષા થશે, અમ સ્વામીના દરબારમાં. ૪

આમ કહીને યમદૂતે, મૌન ધર્યું તે ઠાર,
પછી પ્રભુના પાર્ષદો, બોલ્યા કરી વિચાર. ૧
અહો ! ખેદની વાત કે, ધર્મને ત્યાંય અધર્મ,
ધર્મતણા જ્ઞાતા છતાં, કેમ ભૂલે નિજકર્મ ? ૨

× × × ×

પદ ૫

પ્રજાઓના પિતા પોતે, સમત્વ સર્વમાં રાખે,
ગુન્હો તેવી કરી શિક્ષા, ફરજનાં મિષ્ટફળ ચાખે.
કદિએ કોઇના ઉપર,
વિષમતા એ નહિ લાવે,
બધું સમજી શકે તેને, કહો જઇ કોણ સમજાવે ?

અજામિલ છે નહિ પાપી,
પછી શિક્ષા કહો શાની ?

થયો નિષ્પાપ જીવ જ્યારે, પછી શિક્ષા કહો શાની ?
હરિના નામનો મહિમા, અજાણ્યો છે ન એનાથી,
કહે શંકર ન જાણ્યું કે, થયો અન્યાય એનાથી.

× × × ×

" પુત્રભાવથી પણ લીધું, " નારાયણ " એ નામ,
તેજ વખત તે પાપીનાં, બળીયાં પાપ તમામ. " ૧
" અજાણુતાં પણ જો કદિ, થાય "હરિ" ઉચ્ચાર,
તોપણ પાપી જીવનો, થાય સહજ ઉદ્ધાર. " ૨

× × × ×

એથી એ પાપી છતાં, છે નહિ શિક્ષાપાત્ર,
તે માટે હે યમદૂતો ! દુઃખ ન દયો તલમાત્ર. ૩
મહિમા શ્રીહરિનામનો, શ્રવણ કરો દઈ ધ્યાન,
જ્ઞાનરવિ ઉદય થતાં, રહે ન તિમીર અજ્ઞાન. ૪

× × × ×

પદ ૬

હરિના નામનો મહિમા, અહોહો ! દિવ્ય કેવો છે ?
પ્રભુના નામનો મહિમા, અહોહો ! દિવ્ય કેવો છે ?

ન ઇચ્છા હોય અડવાથી,
ગૃહાગ્નિ જેમ બાળે છે,
ખરેખર એમ મહિમા પણ, મહાદોષોને ટાળે છે.
સવિતા જેમ ઝાકળનો, કરે છે નાશ ક્ષણમાંહિ,
મહિમા એમ પાપોનો, કરે છે નાશ પણ આંહિ.
હરિના નામની નૈયા,
પતિતોનેય તારે છે,
કિનારે છેક પહોંચાડી, ભવાબ્ધિથી ઉગારે છે.
હરિના નામનું અમૃત,
મરેલાને ઉભું કરતું,
બચાવી મૃત્યુના મુખથી, ત્રિવીધિ તાપને હરતું.
કહીએ એટલું ઓછું, હરિના નામને માટે,
અગર કુરબાન હું શંકર, પ્રભુના નામને માટે.

× × × ×

તે માટે હે યમદૂતો ! છોડી લઇ યમપાશ,
પાછો જાઓ પ્રેમથી, મૂકી આની આશ. ૧
એમ કહીને પાર્ષદે, દૂતને કર્યા વિદાય,
મુક્ત કરી હરિભક્તને, દર્શન દીધાં ત્યાંય. ૨

× × × ×

સ્વસ્થ બની પાપી નમ્યો, જાણી શ્રી ભગવાન,
કહેવા જાતો કૈંક પણ, ગણ થયા અંતર્ધાન. ૩
પછી તેણે જાગૃત થઇ, પસ્તાઈને અપાર,
શરણું લીધું શ્યામનું, સમજી વિશ્વ અસાર. ૪

× × × ×

અહિં આ વખત માતપિતા, પરણેત આદિ સાંભર્યા,
અંતર ભીંજાયું આંસુથી, દેહાદિ ઠાર્યા નહિ ઠર્યા. ૧

વૃત્તિ વળી પરમાત્મમાં, જાણી મહિમા નામનો,
ત્યાગી જગતની વાસના, આશ્રીત બન્યો ઘનશ્યામનો. ૨

" વૈરાગ મનમાં આવતાં,
ભોગાદિ સૌ ભાગી ગયા,
સદ્‌ભાગ્યનો સૂર ઉગતાં, ગર્વાદિ ઘર ત્યાગી ગયા. " ૩

" શબ્દાદિ વિષયો છૂટતાં, મનડું વળ્યું હરિધ્યાનમાં,
પરમાત્મનું દર્શન થતાં, અંતર ગળ્યું ગુરૂજ્ઞાનમાં. " ૪

સર્વોત્તમ સ્થળ જાણીને, ગયો તે શ્રીહરિદ્વાર,
યોગથી અંતરમાં કર્યો, શ્રીહરિ સાસાત્કાર. ૧

સ્તુતિ કીધી શ્યામની, ધરી ઉમંગ અપાર,
વિનય અને વિવેકસહ, વંદ્યો વારંવાર. ૨

× × × ×

પદ ૭

જય જય શ્રીઘનશ્યામ, કન્હૈયા પ્યારે ! જય જય શ્રીઘનશ્યામ.

અધમ ઉદ્ધારણ ભવજળતારણ,
હરદમ જાપું તારૂં નામ...કન્હૈયા પ્યારે !......

અનંત બ્રહ્માંડના આપ છો સ્વામી,
ઘટ ઘટ વ્યાપક રામ...કન્હૈયા પ્યારે ! .....

સત્ ચિત્ આનંદ પ્રગટ પરિબ્રહ્મ,
પરમ પુરૂપ પૂર્ણકામ...કન્હૈયા પ્યારે......

શંકર હરિ—ગુરૂ—સંત પ્રતાપે,
કોટિ કોટિ કરે પ્રણામ...કન્હૈયા પ્યારે......

× × × ×

એ રીતે સ્તુતિ કરી, ધરી હરિનું ધ્યાન,
પાપી નિષ્પાપી થયો, ભેટયા શ્રી ભગવાન. ૧

અંત સમય હરિભક્ત એ, કરી સ્વરૂપાભેદ,
પાર્ષદ થઈ વૈકુંઠ ગયો, છોડી સર્વ ઉમેદ.

× × × ×

મહાપાપી પણ ભવ તર્યો, અજાણતાં લઈ નામ,
તોપછી પ્રેમી જીવનાં, કેમ ન થાયે કામ ? ૩

શ્રીહરિનામ હીરાતણી, જગમાં જડે ન જોડ,
શંકર કહે સૌ બોલજો, જય જય શ્રીરણછોડ. ૪

—શ્રી અજામિલાખ્યાન—

સમાપ્ત

સ્વરૂપબોધિની

મંગલ મ્હારૂં રૂપ છે, મંગલ મ્હારૂં કાજ,
મંગલ હેતુથી લખું, સ્વરૂપબોધિની આજ. ૧
સ્થૂલ શરીર તે હું નહિ, નહિ હું સૂક્ષ્મ શરીર,
કારણ—મહાકારણ નહિ, હું છું અલખ અમીર, ૨
કાયા માયા પાર હું, નિશ્ચય ત્રિગુણાતીત,
કોઈની સાથે વિશ્વમાં, મ્હારે છે નહિ પ્રીત. ૩
પ્રીત કરી ત્યારે પડ્યો, ઊંડા ભવજળ કૂપ,
પણ ગુરૂએ સમજાવીયું, આજે શુદ્ધ સ્વરૂપ. ૪
રૂપ જોતાં રોવું મટયું, મટયું ત્રિવીધિ દુઃખ,
સુખ છોડયું ત્યારે થયો, સ્વસ્વરૂપાભિમુખ. ૫
જ્ઞાની ને અજ્ઞાનીને, જ્ઞાન અને અજ્ઞાન,
જ્ઞાન અને અજ્ઞાનથી, છેટું મ્હારૂં સ્થાન. ૬
માયાવી અહિં આવવા, વળખાં મારે ખૂબ,
ન્યારો રહી નીરખું બધું, મનમાં થઈ તાજુબ. ૭
જેટલી પ્રીતિ દેહમાં, તેટલી જો હુંમાંહિ,
તો તે જીવ આવી શકે, વિના વિલંબે આંહિ. ૮
એકજ વસ્તુના વિષે, ભ્રાંતિ થાય અનેક,
પણ ભ્રાંતિ જાતાં દિસે, વસ્તુ એકની એક. ૯
કોઈ કહે કે આમ છે, કોઈ કહે કે એમ,
વાસ્તવમાં વિચારતાં, વસ્તુ જેમની તેમ. ૧૦
મિથ્યા વાદવિવાદમાં, મ્હને મજા ન લગાર,
કારણ રેતી પીલતાં, તેલ નહિ તલભાર. ૧૧

જે જાશે તે આવશે, જે આવે તે જાય,
એમાં હર્ષ ને શોક શો, થાવાનું તે થાય. ૧૨
હર્ષ અને શોકાદિથી, હું અત્યંત રહિત,
છાશ પીએ સંસારીઓ, હું ખાઉં નવનીત. ૧૩
ખળને વ્હાલું ખાટીયું, મ્હને વહાલું મિષ્ટ,
ચેતીને જો ચાલીએ, તો થાયે ન અનિષ્ટ. ૧૪
પહેલા સૃષ્ટિકાળમાં, ભજવ્યા સઘળા પાઠ,
પણ મૂળ વસ્તુ પામતાં, છૂટયા સઘળા ઠાઠ. ૧૫
પહેલા ભાસ્યું બેપણું, પાછળ ભાસ્યું એક,
અન્વય મ્હારો સર્વમાં, માયાનો વ્યતિરેક. ૧૬
પરા પશ્યંતી મધ્યમા, વૈખરી વાણી બહાર,
વર્ણન કોણ કરે કહો, મન બુદ્ધિની પાર. ૧૭
હું–મ્હારૂં આ બંધ બે, મનના છેજ વિકાર,
મનનાથી કલ્પાય છે, મુકિત ચાર પ્રકાર. ૧૮
બંધાયો છૂટવા મથે, છૂટો મારે શાખ,
નિશ્ચય માયાદેવિની, બ્હીઆમણી છે બાખ. ૧૯
માયા ને માયાજનિત, સત્ય ન એમાં ન એક,
પણ પામર સમજે નહિ, સત્યાસત્ય વિવેક. ૨૦
કોટિ જનમની પ્રીતડી, તોડી કેમ તોડાય?
જાણી જોઈ જડ જીવો, જગનાં જોડાં ખાય. ૨૧
આવ્યા ત્યારે એકલા, જાતાં પણ છો એક,
જરૂર બેની હોય તો, બાંધો હરિથી નેક. ૨૨
જીવ–પરમ જાતાં રહે, આત્મા એક અનંત,
હું–તું–તે સર્વેતણો, તુર્તજ આવે અંત. ૨૩
જે જે જીવ જેવું જુવે, તે તે તેવું કહેજ,
પણ મુમુક્ષુ આતમા, સમજે વસ્તુ સહેજ. ૨૪

હોઠ હસે હૈયું રૂવે, કરે હરિથી ખેલ,
ભકિત ખેતર ખેડવા, ભરે કપટની હેલ. ૨૫
સર્વ પ્રકારે વિશ્વને, છોડી જોડયું ચિત્ત,
ત્યારે સહજે સાંપડયું, સ્વરૂપ સિદ્ધિ વિત્ત. ૨૬
જ્યાં જ્યાં જોઉં ત્યાં મ્હને, ભાસે મ્હારૂં રૂપ,
તેથી ટુંટીયાં વાળીને, બેઠો છું થઈ ચૂપ. ૨૭
મ્હારા અંશવડે બધું, વિશ્વ વ્યાપ્ત જણાય,
એથી મ્હારી દૃષ્ટિમાં, ભેદ ન કાંઈ ગણાય. ૨૮
વ્હાલું કે વૈરી નહિ, સ્વાત્માભિન્ન સંસાર,
ન્યુનાધિકતા અહિં નહિ, અહિં તો એકાકાર. ૨૯
બોલે પણ વર્તે નહિ, એ કેવળ પાખંડ,
અંતે ભોગવવો પડે, નર્કવાસનો દંડ. ૩૦
પોતાને જાણ્યા વિના, પરને આપે જ્ઞાન,
દોરે અંધને આંધળો, આ કેવું અજ્ઞાન ? ૩૧
મિથ્યા સુખની છાંયડી, કરે ઘડીભર શાંત,
પણ અક્ષયસુખ પામતાં, થાય સદાની નીરાંત. ૩૨
લોકેષણાના લાકડે, લટકે લાખો લોક,
ઘડી પલકમાં ડાકણી, મરડી નાખે ડોક. ૩૩
પોતે પોતાને ઢુંઢે, પણ પોતે ન જણાય,
જાણી જોઈ મોહના, પૂરમાં મૂર્ખ તણાય. ૩૪
નિજસ્વરૂપ જાણ્યા વિના, છૂટે ન માયા બંધ,
શંકર શુદ્ધ સ્વરૂપમાં, ઘટે ન કોઈની ગંધ. ૩૫

—સ્વરૂપબોધિની—

સમાપ્ત

પરમપૂજ્યપાદ સદ્ગુરૂ શ્રી શંકર મહારાજનાં રચેલાં પુસ્તકો

૧. **શ્રી શંકરવિલાસ** ત્રીજી આવૃત્તિ મૂલ્ય ૨-૮

અભાગ્યેજ એવું કોઈ સ્થળ મળશે કે જ્યાં આ ગ્રંથમાંનાં ભજ ગવાતાં નહિ હોય. આ ગ્રંથમાં ૬૧ ગજલો, ૨૮ કાવ્યો, ૧૧૪ ગ બીઓ, ૧૬૨ આધ્યાત્મિક ભજનો, ૨૦ ઉલટ વાણીનાં સમરા અર્થાનુવાદવાળાં ભજનો, ૫ પ્રભાત, ૧૦૦ કુંડલીયા, ત્યાશીઓનો રાં ૫૦૧ સાખીઓ, ૧૫ સોરઠા, આત્મસ્તોત્ર, છપ્પાષ્ટક, થાળ, આર વગેરે ઉપરાંત બે ભક્ત બાઈઓનાં રચેલાં કેટલાંક ભજનો પણ આ વામાં આવ્યાં છે. પાકું સરસ પુંઠું, ઉત્તમ ગ્લેઝ કાગળ, પૃષ્ટ ૪૪૭ તથા પુંઠાપર સુંદર રેપર પણ રાખવામાં આવ્યું છે. માત્ર થોડીજ નકલો રહી છે. મળવાનું એકજ ઠેકાણું:—

પા. ભગજીભાઈ રેવનદાસ

ઠે. પટેલ સોસાયટી, જહાંગીરપુર—**અમદાવાદ**

૨. **પરમ તત્ત્વ વિલાસ** આવૃત્તિ પહેલી મૂલ્ય ૧-૦-૦

આ ગ્રંથમાં આદ્ય શંકરાચાર્યનાં રચેલાં તત્ત્વબોધ, આત્મબોધ, વાક્યસુધા, વાક્યવૃત્તિ, અપરોક્ષાનુભૂતિ, સદાચાર, મણિરત્નમાળા, મોહમુદ્ગર, ચર્પટપંજરિકા, નિર્વાણદશક, બ્રહ્મનામાવલિ વગેરે તથા પ. પૂ. મહારાજશ્રી કૃત પંચદશી સારભૂત કાવ્યસંગ્રહ, આત્મશ૦ પાખંડ પચીસી તથા શંકર વિલાસમાં નહિ છપાયેલ ભજનો. સમાવેશ કરવામાં આવ્યો છે. ઉત્તમ ગ્લેઝ કાગળ પાકું પુંઠું પૃષ્ટ ૨૩

૩. **શ્રી સ્વરાજ્ય સંગ્રામ બોધ** હાલ મળતી નથ

૪. **શ્રીકૃષ્ણ જન્મોત્સવ** ૦-૧-૦

૫. **ઇશ્વરના લાડીલા** ભા. ૧લો (ધ્રુવ, અંબરીષ ને રંતિદેવ) ૦-૩-

(આ ત્રણનાં આખ્યાન)

૬. **ઇશ્વરના લાડીલા** ભા. ૨ જો (આ પુસ્તક)

મળવાનું ઠેકાણું—**પ. પૂ. શ્રી શંકર મહારાજ**

ઠે. હરિયાપુર મોટી સાલેપરી—**અમદાવાદ**